dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-205 | AD-2025, Vaishakh Sud-03 | Wednesday, Dt.30-04-2025 | Editor: Vasant Movliya : Phone: (02792) 225225 | E-mail: sanjognews@gmail.com | Page-08 Price: Rs.3-00


### આ હુમલામાં પાકિસ્તાની સેના અને આઇએસઆઇનો હાથ હોવાના પુરાવા મળ્યા

## પાકિસ્તાની સેનાનો પેરા કમાન્ડો પહેલગામ હત્યાકાંડનો માસ્ટર માઈન્ડ

નવીદિલ્હી,તા.૨૯

પહેલગામ આતંકવાદી હુમલા બાદ સમગ્ર ભારતમાં ગુસ્સો છે. દરેક વ્યક્તિ આતંકવાદ અને તેના સમર્થકો સામે કડક કાર્યવાહીની માંગ કરી રહી છે. પહેલગામ હુમલામાં પાકિસ્તાન પણ સામેલ છે. ત્યાંના શાસકો આ હકીકત સ્વીકારી રહ્યા નથી પરંતુ હવે આ નાપાક ષડયંત્રના મોટા પુરાવા પ્રકાશમાં આવ્યા છે. પહેલગામ હુમલામાં સામેલ આતંકવાદી હાશિમ મુસા પાકિસ્તાની પેરા કમાન્ડો હોવાનું બહાર આવ્યું છે. પહેલગામ હુમલામાં પાકિસ્તાની ષડયંત્રનો સૌથી મોટો પુરાવો સામે આવ્યો છે. આ હુમલામાં પાકિસ્તાની સેના અને આઈએસઆઈનો હાથ હોવાના પુરાવા મળ્યા છે. હુમલામાં સામેલ હાશિમ મુસા પાકિસ્તાની આર્મીનો કમાન્ડો છે. આતંકવાદી મુસા પાકિસ્તાની સ્પેશિયલ ફોર્સનો ભૂતપૂર્વ પેરા કમાન્ડો છે. આતંકવાદી મુસા લશ્કર સાથે પણ કામ કરે છે. પાકિસ્તાની દળોએ મુસાને એસએસજીથી લશ્કરમાં મોકલ્યો હતો. મુસા પહેલગામ પહેલા બે આતંકવાદી હુમલાઓમાં પણ સામેલ હતો. મુસા ગાંદરબલ હુમલામાં પણ સામેલ રહ્યો છે. માહિતી અનુસાર, પાકિસ્તાની સેનાના ભૂતપૂર્વ પેરા કમાન્ડો હાશિમ મુસા આ આતંકવાદી હુમલામાં સામેલ હતો. તે સેટેલાઈટ ફોન પર સૂચનાઓ લઈ રહ્યો હતો.



પાકિસ્તાની દળોએ હાશિમ મુસાને એસએસજીમાંથી લશ્કરમાં મોકલ્યો હોવાનું બહાર આવ્યું છે. મુસા અગાઉ જમ્મુ અને કાશ્મીરમાં બે આતંકવાદી હુમલાઓમાં પણ સામેલ રહી ચૂક્યો છે. પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરનો હવે પર્દાફાશ થયો છે. પાકિસ્તાનના દરેક જુઠ્ઠાણાનો હવે પર્દાફાશ થઈ ગયો છે. હાશિમ મુસા અગાઉ પાકિસ્તાન આર્મીમાં હતો. પછી લશ્કરમાં જોડાયા પછી, તેને જમ્મુ અને કાશ્મીર મોકલવામાં આવ્યો જેથી તે સુરક્ષા દળો અને બિન-સ્થાનિક નાગરિકો પર હુમલા કરી શકે. પહેલગામમાં થયેલા ક્રૂર હત્યાકાંડને જોઈને કોઈપણ વ્યક્તિનું મન કંપી જશે. પરંતુ પાકિસ્તાનની બેશરમી એવી છે કે તેના નેતાઓ ભારતને ધમકી આપી રહ્યા છે અને નાપાક દેશ દુનિયા સમક્ષ પોતાને સ્વચ્છ બતાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. જોકે, હવે આતંકવાદી હાશિમ મુસા પરના ખુલાસાઓથી પાકિસ્તાનનો પર્દાફાશ થયો છે.

પહેલગામ હુમલાનો માસ્ટર માઈન્ડ પાકિસ્તાનના ભૂતપૂર્વ એસએસજી કમાન્ડર હાશિમ મુસા છે. મુસા હાલમાં લશ્કર-એ-તૈયબા માટે કામ કરી રહ્યો છે. મુસાને પાકિસ્તાનના સ્પેશિયલ ફોર્સિસ દ્વારા લશ્કરને સોંપવામાં આવ્યો હતો. આનાથી જેહાદી સંગઠનો અને પાકિસ્તાન વચ્ચેના જોડાણનો ખુલાસો થાય છે. પાકિસ્તાની સ્પેશિયલ ફોર્સના પેરા-કમાન્ડો ખૂબ જ પ્રશિક્ષિત છે અને તેથી જ પાકિસ્તાની આર્મીના પેરા કમાન્ડો હાશિમ મુસાને પહેલગામ જેવા ઉચ્ચ જોખમી ઓપરેશન માટે મોકલવામાં આવ્યો હતો. મુસાએ ઓક્ટોબર ૨૦૨૪ માં ગાંદરબલના ગગનગીરમાં હુમલો કર્યો હતો. આમાં ૭ લોકોએ જીવ ગુમાવ્યા હતા. બુટા પાથરી હુમલો પણ મુસા દ્વારા કરવામાં આવ્યો હતો જેમાં ૨ સૈનિકો શહીદ થયા હતા જ્યારે ૧ નાગરિકનો જીવ ગયો હતો.

જમ્મુ અને કાશ્મીરમાં ઘણા આતંકવાદીઓ સક્રિય છે જે ભારત વિરુદ્ધ કામ કરી રહ્યા છે. આ આતંકવાદીઓ સોપોર, પુલવામા, શોપિયામાં સક્રિય છે. અનંતનાગ અને કુલગામમાં પણ ઘણા આતંકવાદીઓ છે.

## પહેલગામ હુમલા બાદ આજે કેબિનેટની સુરક્ષા કમિટીની બેઠક

**પ્રધાનમંત્રી, ગૃહમંત્રી, રક્ષામંત્રી સહિતનાઓ હાજર રહેશે**

ન્યૂ દિલ્હી,તા.૨૯



પહેલગામ હુમલા બાદ ભારત સરકાર પાકિસ્તાન વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરવા તૈયાર છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ચાર મહત્ત્વની બેઠકો યોજાશે. આ બેઠકોમાં પાકિસ્તાન વિરૂદ્ધ વધુ કડક પગલાં લેવાઈ શકે છે જેની બ્લૂપ્રિન્ટ તૈયાર હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. બુધવારે સવારે ૧૧ વાગ્યે સૌથી પહેલા કેબિનેટ સુરક્ષા કમિટીની બેઠક યોજાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સીસીએસની બેઠક યોજાશે. આ બેઠકમાં સુરક્ષા તૈયારીઓ પર ચર્ચા થશે. પહેલગામ હુમલા બાદ આ બીજી સીસીએસ બેઠક યોજાશે. CCS બાદ વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ સીસીપીએ-રાજકીય બાબતોની કેબિનેટ કમિટી (કેબિનેટ કમિટી ઓન પોલિટિકલ અફેર્સ)ની બેઠક થશે. આ બેઠકમાં વડાપ્રધાન મોદી, રક્ષામંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય ગૃહમંત્રી, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી, સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડા, નાણામંત્રી નિર્મલા સીતારમણ, કેન્દ્રીય મંત્રી જિતનરામ માંઝી, સર્વાનંદ સોનેવાલ, રાજમોહન નાયડૂ સહિતના અન્ય સભ્ય સામેલ થશે.

## પેગાસસ તપાસ સંબંધિત રિપોર્ટ જાહેર કરવાની માંગ સુપ્રીમ કોર્ટે ફગાવી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૯



પેગાસસ તપાસ સંબંધિત રિપોર્ટ જાહેર કરવાની માંગ પર સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે કહ્યું કે સમગ્ર રિપોર્ટને જાહેર કરવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી. આ અહેવાલને શેરીમાં ચર્ચાનો દસ્તાવેજ બનાવી શકાય નહીં. કોર્ટે કહ્યું કે જો તે રાષ્ટ્રીય સુરક્ષાનો મામલો છે તો આવી જાસૂસીમાં શું વાંધો છે. કોર્ટે કહ્યું કે કોર્ટ અસરગ્રસ્ત સામાન્ય નાગરિકો વિશે વિચાર કરી શકે છે. આપણે આવા અસરગ્રસ્ત લોકોની માંગણીઓ પર વિચાર કરી શકીએ છીએ.

કોર્ટે કહ્યું કે જો દેશ સ્પાયવેરનો ઉપયોગ કરી રહ્યો છે તો તેમાં શું ખોટું છે. દેશની સુરક્ષા સાથે સમાધાન કરી શકાય નહીં. જોકે, રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યક્તિગત ગોપનીયતા વચ્ચે સંતુલન જરૂરી છે. કોર્ટે કહ્યું કે પ્રશ્ન એ છે કે તેનો ઉપયોગ કોની સામે થવો જોઈએ. અલબત્ત, જો તેનો ઉપયોગ સમાજના કોઈ વ્યક્તિ સામે થશે, તો તેને ચોક્કસપણે ધ્યાનમાં લેવામાં આવશે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે આતંકવાદીઓ સામે તેનો ઉપયોગ કરવામાં શું ખોટું છે. આતંકવાદીઓને તેમની ગોપનીયતાનું ઉલ્લંઘન કરવાનો કોઈ અધિકાર નથી. જેમને બંધારણ હેઠળ ગોપનીયતાનો અધિકાર મળ્યો છે તેમને રક્ષણ આપવામાં આવશે. જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે જો કોઈ દેશ સ્પાયવેરનો ઉપયોગ કરે તો શું ખોટું છે. પ્રશ્ન એ છે કે તેનો ઉપયોગ કોની સામે થઈ રહ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે પેગાસસ સ્પાયવેરને ફક્ત શેરી વાતોનો દસ્તાવેજ ન બનાવવો જોઈએ. જસ્ટિસ સૂર્યકાંતે સુપ્રીમ કોર્ટમાં તેના કથિત દુરુપયોગની તપાસ કરી રહેલી ટેકનિકલ પેનલના અહેવાલ પર આ ટિપ્પણી કરી હતી. પેગાસસ પેનલ રિપોર્ટ શેર કરવા પર, અરજદારોએ સુપ્રીમ કોર્ટને રિપોર્ટ જાહેર કરવા અપીલ કરી હતી.






## પહેલગામ હુમલા બાદ પાકિસ્તાને મદદ માટે રશિયા પાસે ભીખ માંગી



ન્યુ દિલ્હી,તા.૨૯

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલીનો માહોલ સર્જાયો છે. ભારત સતત પાકિસ્તાન વિરૂદ્ધ આકરી કાર્યવાહી હાથ ધરી રહ્યું છે. હાલમાં જ તેણે ફ્રાન્સમાંથી રાફેલ-એમ ફાઈટર એરક્રાફ્ટની ડીલ કરી પોતાનું સામર્થ્ય વધાર્યું છે. બીજી બાજુ પાકિસ્તાન યુદ્ધના ભણકારા વચ્ચે તુર્કી, ચીન, બ્રિટન જેવા દેશો પાસે મદદ માગી રહ્યું છે. પાકિસ્તાન હવે મદદ માટે રશિયા પહોંચ્યું છે. પાકિસ્તાનના રાજદૂત મોહમ્મદ ખાલિદ જમાલીએ હાલમાં જ રશિયાના નાયબ વિદેશ મંત્રી આંદ્રે રૂદેનકો સાથે મુલાકાત કરી હતી. તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ મુદ્દે વાતચીત કરી ભય વ્યક્ત કર્યો હતો કે, ભારત તેના પર હુમલો કરી શકે છે. આ યુદ્ધ રોકવા રશિયાને અપીલ કરી હતી. પાકિસ્તાનને સતત ભય છે કે, ભારત ગમે ત્યારે પાકિસ્તાન પર યુદ્ધ કરી શકે છે. પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત એક્શનમાં છે. તેણે અત્યારસુધી અનેક મોટા નિર્ણયો લીધા છે. રશિયાના વિદેશ મંત્રાલયે પાકિસ્તાનના રાજદૂત સાથેની મુલાકાત અંગે જણાવ્યું હતું. રશિયાએ કહ્યું કે, તેણે પાકિસ્તાનને સલાહ આપી છે કે, તે ભારત સાથે વાતચીત કરી આ મુદ્દો ઉકેલે. આ પહેલાં પાકિસ્તાન તુર્કી પાસે પણ પહોંચ્યું હતું. પહેલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન ભારતની કાર્યવાહીથી બચવા માટે યુએન, બ્રિટન, તુર્કી અને હવે રશિયા પાસે સમર્થન માગી રહ્યું છે. જે સંકેત આપે છે કે, પાકિસ્તાન ભારત સાથે યુદ્ધના ભય હેઠળ સતત જીવી રહ્યું છે.










# લીલીયા પોલીસની વ્યાજખોરો સામે ઝુંબેશ : પી.આઈ. ગીડાના અધ્યક્ષસ્થાને જાગૃતિ કાર્યક્રમ યોજાયો

લીલીયા, તા.૨૯

લીલીયા પોલીસ સ્ટેશન દ્વારા વ્યાજખોરો સામે ચાલી રહેલી ઝુંબેશના ભાગરૂપે પી.આઈ. આઈ.જે. ગીડાના અધ્યક્ષસ્થાને લીલીયા પોલીસ સ્ટેશન ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાગરિકોને વ્યાજખોરીથી બચવા અને તેમની સામે ફરિયાદ નોંધાવવા અપીલ



તસવીર : મહેશ દવે

કરવામાં આવી હતી. પી.આઈ. ગીડાએ જણાવ્યું હતું કે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા વ્યાજખોરી નાબૂદી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જો કોઈ વ્યક્તિ સરકાર દ્વારા નિયત કરેલા વ્યાજદરથી વધુ વ્યાજ વસૂલ કરતો હોય, તો ભોગ બનનાર વ્યક્તિ નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરેલી જિલ્લા પોલીસના કંટ્રોલરૂમ નંબર ૧૦૦/૦૨૭૯૨-૨૨૩૪૯૮ પર રૂબરૂ અથવા ટપાલ દ્વારા ફરિયાદ કરી શકે છે. ફરિયાદોની યોગ્ય તપાસ કરી કડક કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર પડ્યે પાસા સુધીની કાર્યવાહી પણ થઈ શકે છે.

# કેરીયાચાડનું આરોગ્ય મંદિર રાષ્ટ્રીયકક્ષાના માપદંડવાળુ બન્યું

અમરેલી, તા.૨૯

વાંકિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંતર્ગત કાર્યરત કેરીયાચાડ ગામના આયુષ્યમાન આરોગ્ય મંદિરની નેશનલ ક્વોલીટી એન્સોરન્સ સ્ટાન્ડર્ડ (NOAS) મુજબ ૯૭.૪૦ % ટકા સાથે પસંદગી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય કક્ષાની ટીમે તા.૨૭/૦૩/૨૦૨૫ના રોજ આ હેલ્થ સેન્ટરની રૂબરૂ મુલાકાત લઈને અહીં ઉપલબ્ધ આરોગ્ય સેવાનું નિરીક્ષણ કર્યું




હતું. સ્થાનિક સ્ટાફના ઈન્ટરવ્યુ, રેકોર્ડ રજિસ્ટર, ઓબ્ઝર્વેશન વિગેરેની તપાસ કરી હતી. આ ઉપરાંત કેન્દ્ર કક્ષાએ NHSRC સંસ્થા ખાતે અહેવાલ રજૂ કર્યો હતો. આ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.આર.એમ. જોષી, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.આર.કે. જાટ, ડૉ. ધડુક અને ડૉ.દેવેન વ્યાસ, ડૉ. મનીષ જીયાણી, ડૉ.સોનલબેન રાબડીયા, ડૉ.કિરણબેન શેલડીયાના માર્ગદર્શન હેઠળ સેન્ટરના સ્ટાફ ભાવિકાબેન વિરડીયા, સાવનભાઈ કિકાણી, ભાવનાબેન હેલૈયા, આશાબહેન-વસંતબેન મોલાડીયા સહિતના વાંકિયા PHC ના તમામ આરોગ્ય કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# ખેડૂતલક્ષી કલ્યાણકારી વિવિધ સહાય યોજનાનો લાભ મેળવવા તા.૧૫ મે સુધીમાં ઓનલાઈન અરજી કરવી

અમરેલી તા. ૨૯

અમરેલી જિલ્લાના તમામ ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ ઘરઆંગણે સરળતાથી મળી રહે તે હેતુસર **www.ikhedut.gujarat.gov.in** નવીન પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા માટે આઈ ખેડૂત પોર્ટલ ૨.૦ તા.૨૪/૦૪/૨૦૨૫ થી તા.૧૫/૦૫/૨૦૨૫ સુધી દિન-૨૨ માટે ખુલ્લું રહેશે. અરજી કરતાં પૂર્વે ખેડૂતોએ નોંધણી કરવી ફરજિયાત છે તેમજ નોંધણી કરવા માટે મોબાઈલ નંબર નાખવો ફરજિયાત રહેશે. નોંધણી થયા બાદ વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકશે. તેમ ખેતીવાડી ખાતાની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# બાબાપુર ખાતે એઆઈ સજ્જતા સેમિનાર યોજાયો

બાબાપુર,તા.૨૯

સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર સંચાલિત ૧૬ શાળાઓના શિક્ષકો માટે તા.૨૬ અને ૨૭ એપ્રિલના રોજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના નિયામક મંદાકિનીબેનની પ્રેરણાથી આયોજિત આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ પરિવર્તન પામતા શિક્ષણના પ્રવાહમાં એઆઈના ઉપયોગથી શિક્ષકોને માહિતગાર કરવાનો હતો. સેમિનારમાં સંસ્થાની શાળાઓના તજજ્ઞ શિક્ષકોની ટીમ દ્વારા ચાર જુદા જુદા વર્ગોમાં શિક્ષકોને એઆઈના વિવિધ



ઉપયોગોની તાલીમ આપવામાં આવી હતી. તા.૨૭ એપ્રિલના રોજ એઆઈ નિષ્ણાત દેવેન્દ્રભાઈ ત્રિવેદીએ જુદી જુદી શૈક્ષણિક એપ્લિકેશન્સની સમજ આપી હતી, જેના દ્વારા વિદ્યાર્થીઓને સરળતાથી વિષયો સમજાવી શકાય. વર્કશોપના અંતિમ સત્રમાં જાણીતા બાળરોગ નિષ્ણાત ડોક્ટર આઈ. કે. વીજળીવાળાએ શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્બોધન કર્યું હતું. નવપલ્લવન શિબિરના ભાગરૂપે યોજાયેલ આ સેમિનારને સફળ બનાવવા માટે સંસ્થાના કાર્યકરો મુકેશભાઈ રાજ્યગુરુ, જયંતીભાઈ જોશી, મુકુંદભાઈ મહેતા અને ૧૬ શાળાઓના તજજ્ઞોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સંસ્થાના મંત્રી મોહનભાઈ વાળા અને કલીપ્રસાદભાઈ જેવા વરિષ્ઠ કાર્યકરોએ હાજર રહીને તાલીમાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# સિદસર ખાતે માઁ ઉમિયા મંદિરના શિખર પર દિવ્ય ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૯

અમરેલી શહેર ઉમિયા પરિવાર અને સાંગાડેરી કડવા પટેલ સમાજના ઉપક્રમે સિદસર મુકામે માઁ ઉમિયા માતાજીના મંદિરે તા.



૨૯ને મંગળવારે ભવ્ય ધ્વજારોહણ વિધિ સંપન્ન થઈ હતી. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. મંદિરના પ્રાંગણમાં ભજન કીર્તન અને આરતી જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના ટ્રસ્ટી જયવંતભાઈ ફીણાવા અને ઉપપ્રમુખ વજુભાઈ ગોલે સમાજમાં એકતા અને સંગઠનની વાત કરી હતી.

# બગસરાના બાલાપુર નજીક નમેલો વીજ થાંભલો અકસ્માત નોતરશે

અમરેલી,તા.૨૯

બગસરા તાલુકાના બાલાપુર ગામથી નાજાપુર જતા રોડ પર કુંકાવાવ પીજીવીસીએલની નીચે આવતો એક વીજ થાંભલો ઘણા સમયથી એક તરફ નમી ગયો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ અંગે વારંવાર વીજ તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં પીજીવીસીએલના કર્મચારીઓ દ્વારા હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. એક જાગૃત નાગરિક દ્વારા આ પરિસ્થિતિની ઓનલાઈન ફરિયાદ પણ નોંધાવવામાં



આવી છે. હવે જોવાનું એ રહે છે કે વીજતંત્ર આ ગંભીર બાબતને ક્યારે ધ્યાનમાં લે છે અને આ નમી ગયેલા વીજ થાંભલાને ક્યારે સીધો કરવામાં આવે છે તેના પર ગ્રામજનો મીટ માંડીને બેઠા છે.

# અમરેલીના જશવંતગઢ ગામેથી ચાર જુગારીઓ પોલીસનાં હાથે ઝડપાયા

અમરેલી,તા.૨૯

અમરેલી તાલુકાના જશવંતગઢ ગામમાં જાહેર રસ્તા પર જુગાર રમતા ૪ શખ્સોને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસને મળેલી બાતમીના



આધારે PI ઓમદેવસિંહ જાડેજાની ટીમે રેઈડ કરી હતી. પકડાયેલા આરોપીઓમાં બરકતભાઈ જાકરભાઈ મોટાણી, સુરેશભાઈ જાવેદભાઈ ગોહિલ, વિરભાન બાબુરામ ગોહિલ અને સત્યવાનસિંહ જંડેલસિંઘ ભદોરીયાનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રકમ રૂ.૧૨,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# લીલીયા મોટા: બગસરા શરાફી મંડળી દ્વારા સભ્યના વારસદારને સહાય ચેક અર્પણ

લીલીયા, તા.૨૯

લીલીયા મોટા ખાતે આવેલી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની શાખા દ્વારા તેમના સભ્ય ખીમજીભાઈ વાલજીભાઈ વાઘેલાના વારસદાર હરેશભાઈ ખીમજીભાઈ વાઘેલાને બાજપાઈ સહાય નિધિમાંથી રૂપિયા ૨૫,૦૦૦નો સહાય ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે




મંડળીના એમ.ડી. પરીનભાઈ રાજપુરા, ડિરેક્ટર ખોડાભાઈ માળવીયા, બ્રાન્ચ મેનેજર ધર્મેન્દ્રભાઈ ગાયજન અને સાહીલ સોની સહિતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોટડાપીઠા મા.શાળામાં શિક્ષિકાની બદલી થતા વિદાય સમારંભ યોજાયો

કોટડાપીઠા, તા.૨૯

બાબરા તાલુકાના કોટડા પીઠા માધ્યમિક શાળામાં છેલ્લા પચીસ વર્ષથી શિક્ષિકા તરીકે ફરજ બજાવતા મીનળબેન દવેની રાજકોટ જિલ્લામાં બદલી થતાં શાળા ખાતે ૨૭મી એપ્રિલના રોજ વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. મીનળબેને તેમના ૨૫ વર્ષના કાર્યકાળ દરમિયાન સાથ આપનાર આચાર્યો, શિક્ષકો, આગેવાનો અને



તસવીર : ભરત મહેતા

સ્ટાફનો આભાર માન્યો હતો. મીનળબેનની બદલી થતાં ગામના આગેવાનો દ્વારા તેમને સ્મૃતિચિન્હ અને ભેટ આપવામાં આવી હતી. તેમના તરફથી શાળાના વિકાસ માટે રૂ. ૫૧,૦૦૦નું દાન પણ જાહેર કરવામાં આવ્યું હતું. આ વિદાય સમારંભમાં માજી સરપંચ ગોરધનભાઈ વાઢેર, પ્રભુભાઈ બસીયા, કનુભાઈ બસીયા, હાર્દિકભાઈ ગજેરા ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદમાં અખિલ ભારતીય કોળી સમાજની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

જાફરાબાદ, તા.૨૯

જાફરાબાદ તાલુકામાં અખિલ ભારતીય કોળી સમાજની મહત્વપૂર્ણ બેઠક મંગળવારે યોજાઈ હતી. જેમાં કાશ્મીરમાં આતંકી હુમલામાં શહીદ થયેલા મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સમાજના પ્રદેશ પ્રમુખ અને રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં બોટાદ, કચ્છ, જામનગર, પોરબંદર અને ગીર સોમનાથ સહિતના



જિલ્લાઓના કારોબારી સભ્યો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પ્રદેશ અને જિલ્લા સ્તરના હોદ્દેદારો, મહિલા પાંખ અને કર્મચારી મંડળની નિમણૂકો કરવામાં આવી. હીરાભાઈ સોલંકીએ સ્પષ્ટતા કરી કે આ રાજકીય નહીં પરંતુ સામાજિક બેઠક હતી, જેમાં સમૂહલગ્ન અને સમાજના વિકાસ માટેના આયોજનો અંગે ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રંજનબેન ગોરડ મહામંત્રી- કોળી સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.










**અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા કરાયું આયોજન, પહેલગામનાં શહીદોને અપાઈ શ્રધ્ધાંજલિ, શહેરની વિવિધ સંસ્થાઓ અને સર્વ સમાજનાં આગેવાનોની ઉપસ્થિતિ**

# અમરેલી શહેરમાં ભગવાન પરશુરામનાં પ્રાગટ્યદિનની ઉજવણી

અમરેલી, તા.૨૯





અમરેલી શહેરમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામ જન્મ જયંતીની સાદગીપૂર્વક રીતે ઉજવણી કરવામાં આવી હતી. સવારે અન્નકૂટ અને છપ્પનભોગ તેમજ મહાઆરતી યોજવામાં આવી હતી. પહેલગામમાં થયેલા આતંકી હુમલાનાં શહીદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં ખોડલધામ સમિતિ, લેઉવા પટેલ ચેરિ.ટ્રસ્ટ, વિશ્વ હિન્દુ પરિષદ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, બજરંગદળ, લોહાણા સમાજ, ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ, રોટરી ક્લબ, વેપારી મહામંડળ, સમસ્ત બ્રહ્મસમાજ, નગરપાલિકા અમરેલીની સમગ્ર ટીમ તથા શહેરની સામાજીક, વેપારી અને સેવાકીય સંસ્થાઓનાં પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા. જેમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, વસંતભાઈ મોવલીયા, અશ્વિનભાઈ સાવલીયા, ડો.ભરતભાઈ કાનાબાર, ભાવેશભાઈ સોઢા, બિપીનભાઈ લીંબાણી, ડી.કે.રૈયાણી, ડો. જી.જે. ગજેરા, સુરેશભાઈ દેસાઈ, મેહુલભાઈ ધોરાજીયા, ઉદયનભાઈ ત્રિવેદી, દિનેશભાઈ ભુવા, કાંતિભાઈ વઘાસીયા, બિરજુભાઈ અટારા, સંજયભાઈ વણઝારા, ચંદ્રેશભાઈ ધોળકીયા, કેતનભાઈ ધોળકીયા, દિલાભાઈ વાળા, રાજુભાઈ માંગરોળીયા, મજબુતભાઈ બસીયા, સુરેશભાઈ સોલંકી, એમ.જી. જોષી, બિપીનભાઈ જોષી, ઈતેશભાઈ મહેતા, સંદિપભાઈ ધાનાણી, મનિષભાઈ ધરજીયા, સંદિપભાઈ માંગરોળીયા, ચેતનભાઈ ધાનાણી, પરેશભાઈ આચાર્ય, જે.પી. સોજીત્રા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્મસમાજનાં પ્રમુખ મુકુંદભાઈ મહેતાએ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ભગીરથભાઈ ત્રિવેદીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તેજસભાઈ ત્રિવેદી, તુષારભાઈ જોષી, પાર્થિવભાઈ જોષી, આનંદભાઈ ભટ્ટ, રોહિતભાઈ મહેતા, ભાવિનભાઈ ભટ્ટ, ઉમંગ ત્રિવેદી, મૌલિક ઉપાધ્યાય, સુનિલભાઈ રાજ્યગુરુ, પ્રકાશભાઈ આચાર્ય, સંદિપભાઈ ત્રિવેદી, સંદિપભાઈ પંડયા, નીતિનભાઈ જોષી, નયનાબેન આચાર્ય, નિકુબેન પંડયા, ક્ષમાબેન જાની સહિતના બ્રહ્મસમાજના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

# બગસરાના નટવરનગરમાં રોડની સાઈડમાં બેફામ ખોદાણથી અકસ્માતનો ફેલાયો ભય

બગસરા, તા.૨૯


તસવીર : હાર્દિક બામટા

બગસરા નગરપાલિકાના નટવરનગર વિસ્તારમાં પાણીના ટાંકા પાસેના સિમેન્ટ રોડની સાઈડમાં બેફામ ખોદકામ કરવામાં આવતા અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક રહીશોએ આ અંગે પાલિકાને રજૂઆત કરી હતી, જેના પગલે પાલિકાના સત્તાધીશો અને ચીફ ઓફિસરે સ્થળની મુલાકાત પણ લીધી હતી. જો કે, આ મુલાકાતને ૧૫ દિવસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. વિસ્તારના કેટલાક લોકો દ્વારા આડેધડ ખોદકામ કરી ચારથી પાંચ ફૂટ ઊંડા ખાડાઓ કરી દેવામાં આવ્યા છે. દિવસ અને રાત્રિ દરમિયાન આ ખાડાઓ પાસેથી વાહનોની અવરજવર રહેતી હોવાથી ગંભીર અકસ્માત થવાનો ભય છે. જો ટૂંક સમયમાં આ અંગે કોઈ પગલાં લેવામાં નહીં આવે તો વિસ્તારના રહીશોએ નગરપાલિકાને ઘેરાવ કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# અમરેલીના લાપાળીયા ગામે રામજી મંદિરની પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

અમરેલી,તા.૨૯



અમરેલીના લાપાળિયા ગામ સમસ્ત દ્વારા પૂજારી હરિરામ બાપુના સ્મરણ માટે રુ.૧.૫૦ કરોડના ખર્ચે ૮૦ વર્ષ જૂના મંદિરના સ્થાને નવા રામજી મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ મંદિરમાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો ભ ૯ ય રીતે આરંભ થયો છે. ગામમાં ધજા પતાકાઓના શ ણ ગ ા ર કરાયા છે. આ કાર્યક્રમમાં એક સાથે ૭૦ જેટલા યુગલો દ્વારા યજ્ઞશાળામાં બેસીને પૂજાની વિધિ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત સાવરકુંડલાની લલુભાઈ શેઠ હોસ્પિટલ દ્વારા ગ્રામજનો માટે પ્રથમ દિવસે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો દર્દીઓએ લાભ લીધો હતો.




AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com

Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455
For product registration, SMS <WTA> to 9829525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪


## અવસાન નોંધ

**ભંડારીયા**

કલાભાઈ પોલાભાઈ સેતા (ઉ.વ.૯૫) તે ઓધાભાઈ, રાજુભાઈના પિતા, સ્વ. ખાટાભાઈના નાનાભાઈ, સ્વ.શામજીભાઈના મોટાભાઈ, વિઠ્ઠલભાઈ, ધીરૂભાઈ નારણભાઈના કાકા, રમેશભાઈ, વિપુલભાઈના દાદા, ભીખાભાઈ ભોજાભાઈ(વાલાવાવ)ના બનેવી તા.૨૮/૪ને સોમવારે રામચરણ પામેલ છે.

**મહુવા**

બચુભાઈ અલીભાઈ મલેક (બેન્ડવાળા)ના દીકરા મુસ્તાકભાઈ (ઉ.વ.૫૭) તે રહીમભાઈ અલીભાઈ મલેક, રફીકભાઈ, ગફારભાઈના ભત્રીજા, ઈનુસભાઈ બચુભાઈ, ફારૂકભાઈના મોટાભાઈ, નૌશાદના વાલીદ, આરીફભાઈ રહીમભાઈ મલેક, સાજીદભાઈ, અસ્લમભાઈ, સકીલભાઈ, સોહેબભાઈ, ઈમરાનભાઈના ભાઈ, સાહીદભાઈ મહેબુબભાઈ જુણેજા (ભાવનગર), વસીમભાઈ મહેબુબભાઈ, શેબાયુખાન નિઝામખાન પઠાણ (ભાવનગર)ના સસરા, મ.ભીખુભાઈ ઉસ્તાદભાઈ (ભાવનગર)ના જમાઈ તા.૨૮/૪ને સોમવારે ઈન્તેકાલ પામેલ છે. તેમની જીયારત તા.૩૦/૪ને બુધવારે સવારે ૧૦ કલાકે, મર્દો માટે મસ્જીદે મૌલાઅલી શેરે ખુદા, નુતનનગર તથા ઔરતો માટે સિપાઈ જમાત ખાને, શાળા નં.૧૨ પાસે, નુતનનગર, મહુવા રાખેલ છે.


**M/s. PRATHAMPLANT PROTECTION LLP**
કંપનીના નીચે મુજબના ઉલ્લેખ કરેલ પાણીમાં સંપૂર્ણપણે વિદ્રાવ્યા મિક્ષખાતરમાં (100 % Water Soluble Mixture of Fertilizer) આયાત કરીને ગુજરાત રાજ્યમાં વેચાણ કરવાના છીએ.
(1) N.P.K. (19-19-19),
(2) N.P.K.(20-20-20),
(3) N.P.K. (13-40-13),
(4) N.P.K. 21-08-10,
(5) N.P.K. (12-06-32),
(6) N.P.K – (07-07-28)
(7 N.P.K ) (12-24-12)
(8) M.P.K (00.30.20)
(9) M.P.K 00-52-34
(10) POTASSUM NITRATE 13-00-45
(11) CALCIUM NITRATE
(12) MONO AMMONIUM PHOSPHATE 12-61-00
(13) POTASSIUM THIOSULPHATE
ઉપરના તમામ ઉત્પાદનોની ગુણવત્તા The Fertilizer (Control) Order,1985 મુજબ Notification No. S.O 4120(E) Dt.30-12-2017મુજબ રહેશે
PRATHAMPLANT PROTECTION LLP
PLOT NO. 13/2, TIRUPATI ESTATE, ASLALI BYPASS NH NO. 08, AT - ASLALI, TA -DASKROI, TA - AHMEDABAD, G U JARAT - 382427
MO - 9426917524



**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00


## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નોટીસમા સહી કરનારા (૧) ભુપતભાઈ પોલાભાઈ મેર, (૨) હામાભાઈ પોલાભાઈ મેર, રહે.લાઠી, તા.લાઠી, જી.અમરેલી ના આ જાહેર નોટીસ આપીને જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના કરકોલીયા ગામે આવેલ ખેડ ખાતા નં. ૪૧૨ ઉપર ચાલતી જમીન રે.સ.નં.૩૦૩ (જુનો રે.સ.નં. ૧૧૮/પૈકી ૧), હે.આરે. ૨-૩૯-૨૫ વાળી ખેતીની જમીનોનો સ્વતંત્ર/સુયંકત રીતે કબજો ભોગવટો ધરાવીએ છીએ, અને અમો સ્વતંત્ર/સુયંકત રીતે વહીવટ, વ્યવસ્થાઓ કરીએ છીએ. તેથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત ખેતીની જમીન હાલ અમારે વેચાણથી આપવાની હોય અને લાગુ સબરજીસ્ટ્રાર કચેરીમા જમીન ખરીદનારના નામનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય તેથી વેચાણને લગતી કરવી પડતી કાર્યવાહીઓ ટુંક સમયમાં પુર્ણ કરવાની હોય તેથી અમો આ જાહેર નોટીસ દ્વારા જાહેર કરીએ છીએ કે ઉપરોકત ખેતીની જમીન અને તેની સાથે જોડાયેલા માલીકીના હક્કો તથા કબજા ભોગવટાના તમામ પ્રકારના હક્કો તથા જામીનગીરી હક્કો કે જમીનને લગતા અન્ય સુખાધીકારના હક્કો પરત્વે કોઈ વ્યકિત, શખ્સ, સંસ્થાઓ, પેઢી, કંપનીઓ, એસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હક્કો, હિસ્સાઓ, લાગભાગ, બાનાખત, સાટાખત, મોં બદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ જમીન પરત્વેના ભરણ પોષણના હકકો કે વારસાઈ હકકો ધરાવતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૧૦ મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા જો તે સમય દરમ્યાન આ જમીનના ટાઈટલ બાબતે કોઈ વેચાણ સામે વાંધાઓ રજુ કરવામાં નહી આવે તો સદર જમીન ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગ-ભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, તેમજ સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે, અને નોટીસ સમય પુર્ણ થયા બાદ ભવિષ્યેપણ આ જમીન સંબંધે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા, તકરાર જમીન ખરીદનારને કે અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને લાગુ પડશે નહી, તે આ નોટીસમાં નીચે સહી કરીને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. તેમજ મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, અધિકારો, બોજો કે દાર દાવો નથી, અને હોય તો જતો કરેલ છે. તેમ સમજી, મજકુર જમીન વેચાણ આપવા અંગેની કાર્યવાહી સંપુર્ણ કરી આપીશુ. ત્યાર બાદ તે અંગેની કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો-ફરીયાદ ચાલશે નહી તેની લાગતા વળગતાએ નોંધ લેવી.તે અંગેની જાણ અમો આ જાહેર નોટીસથી કરીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ :-
(૧) ભુપતભાઈ પોલાભાઈ મેર,
(૨) હામાભાઈ પોલાભાઈ મેર
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
C/o. **સોહિલ મહેબુબભાઈ ખોખર** (એડવોકેટ)
B.Com, L.LB
સ્ટેશન રોડ, સોમનાથ કોમ્પ્લેક્ષ પહેલો માળ, નગરપાલીકા કચેરીની સામે,
મુ. લાઠી, તા.લાઠી, જી.અમરેલી
મો.નં. ૭૯૯૮૧ ૯૨૧૯૧

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી....
(ભુપતભાઈ પોલાભાઈ મેર)
સહી....
(હામાભાઈ પોલાભાઈ મેર)

## નામ બદલાવેલ છે

આથી સોગદપૂર્વક જણાવુ છું કે મારૂ જૂનું નામ ભરખડા કૈલાસ ભાવેશ હતુ જે તેમાંથી બદલાવી નવું નામ ભરખડા કૈલાસબેન ભાવેશભાઈ રાખેલ છે. ભરખડા કૈલાસબેન ભાવેશભાઈ નામથી ઓળખાઈશ તેની સર્વે એ નોંધ લેવી.

**ભરખડા કૈલાસબેન ભાવેશભાઈ**
જેસર રોડ સરદાર પટેલ સોસાયટી
સાવરકુંડલા, જી. અમરેલી - ૩૬૪૫૧૫


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 018
**સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ - ગર્લ્સ સ્કૂલ - બપોર**
**સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ - મિશ્ર સ્કૂલ - સવાર**
**સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ - ઈ.મી. સ્કૂલ - સવાર**
★ ગુજરાતી મિડીયમ સાયંસ સવાર & બપોર ★ ઈંગ્લીશ મિડીયમ સાયંસ સવાર
★ A & B ગૃપ – JEE-NEET-GUJCET - સરકારી સહાય Expert ક્લાસ
★ ધો. ૧૦ A1-A2 ને ધો. ૧૧–૧૨ ફી રાહત – ધો. ૧૨ A1-A2 ને ધો. ૧૧–૧૨ ફી શરતી પરત


## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નોટીસમા સહી કરનારા (૧) ભુપતભાઈ પોલાભાઈ મેર, (૨) ગેલાભાઈ પોલાભાઈ મેર, (૩) હામાભાઈ પોલાભાઈ મેર, તમામ રહે.લાઠી, તા.લાઠી, જી.અમરેલી ના આ જાહેર નોટીસ આપીને જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના કરકોલીયા ગામે આવેલ ખેડ ખાતા નં. ૪૦૫ ઉપર ચાલતી જમીન રે.સ.નં.૩૦૨ (જુનો રે.સ.નં. ૧૧૮), હે.આરે. ૪-૧૦-૮૧ વાળી ખેતીની જમીનનો સ્વતંત્ર/સુયંકત રીતે કબજો ભોગવટો ધરાવીએ છીએ,અને અમો સ્વતંત્ર/સુયંકત રીતે વહીવટ, વ્યવસ્થાઓ કરીએ છીએ. તેથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત ખેતીની જમીન હાલ અમારે વેચાણથી આપવાની હોય અને લાગુ સબરજીસ્ટ્રાર કચેરીમા જમીન ખરીદનારના નામનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય તેથી વેચાણને લગતી કરવી પડતી કાર્યવાહીઓ ટુંક સમયમાં પુર્ણ કરવાની હોય તેથી અમો આ જાહેર નોટીસ દ્વારા જાહેર કરીએ છીએ કે ઉપરોકત ખેતીની જમીન અને તેની સાથે જોડાયેલા માલીકીના હક્કો તથા કબજા ભોગવટાના તમામ પ્રકારના હક્કો તથા જામીનગીરી હક્કો કે જમીનને લગતા અન્ય સુખાધીકારના હક્કો પરત્વે કોઈ વ્યકિત, શખ્સ, સંસ્થાઓ, પેઢી, કંપનીઓ, એસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હક્કો, હિસ્સાઓ, લાગભાગ, બાનાખત, સાટાખત, માં બદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ જમીન પરત્વેના ભરણ પોષણના હકકો કે વારસાઈ હકકો ધરાવતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૧૦ મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા જો તે સમય દરમ્યાન આ જમીનના ટાઈટલ બાબતે કોઈ વેચાણ સામે વાંધાઓ રજુ કરવામાં નહી આવે તો સદર જમીન ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા,હિત અધિકારો લાગ-ભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, તેમજ સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે, અને નોટીસ સમય પુર્ણ થયા બાદ ભવિષ્યેપણ આ જમીન સંબંધે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા, તકરાર જમીન ખરીદનારને કે અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને લાગુ પડશે નહી, તે આ નોટીસમાં નીચે સહી કરીને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. તેમજ મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ,ભાગ, હક્ક, હિત, હિસ્સો, અધિકારો, બોજો કે દાર દાવો નથી, અને હોય તો જતો કરેલ છે. તેમ સમજી, મજકુર જમીન વેચાણ આપવા અંગેની કાર્યવાહી સંપુર્ણ કરી આપીશુ. ત્યાર બાદ તે અંગેની કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો-ફરીયાદ ચાલશે નહી તેની લાગતા વળગતાએ નોંધ લેવી.તે અંગેની જાણ અમો આ જાહેર નોટીસથી કરીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ :-
(૧) ભુપતભાઈ પોલાભાઈ મેર,
(૨) ગેલાભાઈ પોલાભાઈ મેર,
(૩) હામાભાઈ પોલાભાઈ મેર,
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
C/o. **સોહિલ મહેબુબભાઈ ખોખર** (એડવોકેટ)
B.Com, L.LB
સ્ટેશન રોડ, સોમનાથ કોમ્પ્લેક્ષ પહેલો માળ, નગરપાલીકા કચેરીની સામે,
મુ. લાઠી, તા.લાઠી, જી.અમરેલી
મો.નં. ૭૯૯૮૧ ૯૨૧૯૧

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી....
(ભુપતભાઈ પોલાભાઈ મેર)
સહી....
(ગેલાભાઈ પોલાભાઈ મેર)
સહી....
(હામાભાઈ પોલાભાઈ મેર)

તંત્રી લેખ

# ભારતની દરિયાઈ સુરક્ષા

કોઈપણ ક્ષણે ભારત પાકિસ્તાન પર જબરજસ્ત એટેક કરે તેની ઘડીઓ ગણાવી રહી છે ત્યારે ભારતની દરિયાઈ સુરક્ષા એટલી મજબૂત છે કે પાકિસ્તાનની કોઈ હેસિયત નથી કે તે ભારત પર દરિયાઈ માર્ગે છમકલું કરી શકે. ભારતીય નૌકાદળ માત્ર એક સૈન્ય શાખા નથી, પરંતુ તે ભારતના દરિયાઈ હિતોનું રક્ષણ કરતું એક મજબૂત કવચ અને રાષ્ટ્રના ગૌરવનું પ્રતિક છે. હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતની ભૌગોલિક સ્થિતિ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે, અને આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવવામાં ભારતીય નૌકાદળ એક નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આધુનિક યુદ્ધ જહાજો, સબમરીન, વિમાનો અને કુશળ કર્મચારીઓથી સજ્જ ભારતીય નૌકાદળ આજે વિશ્વના સૌથી સક્ષમ નૌકાદળોમાંનું એક છે. ભારતીય નૌકાદળની તાકાત તેની વિવિધ સંપત્તિઓમાં રહેલી છે. બે કાર્યરત વિમાનવાહક જહાજો - INS વિક્રમાદિત્ય અને સ્વદેશી રીતે નિર્મિત INS વિક્રાંત - દરિયામાં દૂર સુધી હવાઈ શક્તિનું પ્રદર્શન કરવાની ક્ષમતા પ્રદાન કરે છે. આ જહાજો પર તૈનાત ફાઈટર જેટ્સ અને હેલિકોપ્ટર નૌકાદળને હવાઈ શ્રેષ્ઠતા અને બહુવિધ કાર્યો કરવાની ક્ષમતા આપે છે. વિનાશક જહાજો અને ફ્રિગેટસ, જેમ કે કોલકાતા-શ્રેણી, દિલ્હી-શ્રેણી અને શિવાલિક-શ્રેણી, આધુનિક શસ્ત્રો અને સેન્સરથી સજ્જ છે, જે તેમને હવાઈ સંરક્ષણ, સબમરીન વિરોધી યુદ્ધ અને સપાટી પરના યુદ્ધમાં અસરકારક બનાવે છે. કોર્વેટસ દરિયાકાંઠાની સુરક્ષા અને અન્ય સહાયક ભૂમિકાઓ ભજવે છે, જ્યારે એમ્ફિબિયસ એસોલ્ટ શિપ્સ સૈનિકો અને સાધનોને દરિયાકાંઠે ઉતારવાની ક્ષમતા પ્રદાન કરે છે. સબમરીન ભારતીય નૌકાદળની એક મહત્વપૂર્ણ પાંખ છે. પરમાણુ સંચાલિત બેલેસ્ટિક મિસાઈલ સબમરીન (SSBN) INS અરિહંતના સમાવેશથી ભારતની પરમાણુ ત્રિપુટીની દરિયાઈ પાંખ વધુ મજબૂત બની છે, જે દેશને વિશ્વસનીય પરમાણુ નિવારણ ક્ષમતા પ્રદાન કરે છે. આ ઉપરાંત, પરંપરાગત સબમરીન ગુપ્ત રીતે પાણીની અંદર કાર્ય કરવાની અને દુશ્મનના જહાજોને પડકારવાની ક્ષમતા ધરાવે છે. નૌકાદળ પાસે દરિયાઈ પેટ્રોલિંગ માટે P-8I પોસાઈડન જેવા અત્યાધુનિક વિમાનોનો કાફલો પણ છે, જે લાંબા અંતર સુધી દેખરેખ રાખવામાં અને દુશ્મનની ગતિવિધિઓ પર નજર રાખવામાં મદદ કરે છે. માત્ર સંપત્તિ જ નહીં, ભારતીય નૌકાદળની તાકાત તેના કુશળ અને સમર્પિત કર્મચારીઓમાં પણ રહેલી છે. સખત તાલીમ અને વ્યાવસાયિક કુશળતાના આધારે, નૌકાદળના જવાનો કોઈપણ પડકારનો સામનો કરવા માટે હંમેશા તૈયાર રહે છે. નૌકાદળ સતત આધુનિક ટેકનોલોજીને અપનાવી રહ્યું છે અને પોતાના કર્મચારીઓને નવીનતમ યુદ્ધ પ્રણાલીઓ અને વ્યૂહરચનાઓમાં તાલીમ આપી રહ્યું છે. ભારતીય નૌકાદળ માત્ર યુદ્ધ માટે જ નહીં, પરંતુ શાંતિના સમયમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કુદરતી આપત્તિઓ દરમિયાન, નૌકાદળ તાત્કાલિક રાહત અને બચાવ કામગીરીમાં સક્રિયપણે ભાગ લે છે, પીડિતોને મદદ કરે છે અને માનવતાવાદી સહાય પૂરી પાડે છે. ઓપરેશન સંકલ્પ હેઠળ, ભારતીય નૌકાદળ અરબી સમુદ્ર અને લાલ સમુદ્રમાં દરિયાઈ સુરક્ષા કામગીરી ચલાવી રહ્યું છે, જે આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગોને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે. ચાંચિયાગીરી વિરોધી કામગીરીમાં પણ નૌકાદળ અન્ય દેશોના નૌકાદળો સાથે સહયોગ કરે છે. વર્તમાન સમયમાં, ભારત સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા પર ભાર મૂકી રહ્યું છે. આના પરિણામે INS વિક્રાંત જેવા સ્વદેશી રીતે નિર્મિત યુદ્ધ જહાજો નૌકાદળમાં સામેલ થયા છે, જે ભારતીય એન્જિનિયરિંગ અને ટેકનોલોજીની ક્ષમતાનું ઉત્તમ ઉદાહરણ છે. આગામી વર્ષોમાં વધુ સ્વદેશી યુદ્ધ જહાજો અને સબમરીનના સમાવેશથી ભારતીય નૌકાદળની તાકાતમાં વધુ વધારો થશે. નિષ્કર્ષમાં, ભારતીય નૌકાદળ એક અત્યંત સક્ષમ, આધુનિક અને રાષ્ટ્રવાદી નૌકાદળ છે. તે માત્ર ભારતના દરિયાઈ હિતોનું રક્ષણ જ નથી કરતું, પરંતુ પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા જાળવવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. પોતાની મજબૂત સંપત્તિઓ, કુશળ કર્મચારીઓ અને આત્મનિર્ભરતાની દિશામાં સતત પ્રયત્નોના કારણે, ભારતીય નૌકાદળ ભવિષ્યમાં પણ દેશની સુરક્ષા અને ગૌરવનું પ્રતિક બની રહેશે.

# જાફરાબાદમાં સાર્વજનિક કેળવણી આશ્રમ શાળા ટ્રસ્ટના નવનિર્મિત બિલ્ડીંગનું ઉદ્દઘાટન

જાફરાબાદ,તા.૨૯




જાફરાબાદ ખાતે મંગળવારે શ્રી સાર્વજનિક કેળવણી આશ્રમ શાળા ટ્રસ્ટ પ્રમુખ યોગેશભાઈ બારૈયાનાં પિતા જીણાભાઈ બારૈયાની દીર્ઘજીવી સ્મૃતિરૂપે નવનિર્મિત બિલ્ડીંગનું ઉદ્દઘાટન ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે કરાયું હતું. આ ઉપરાંત સતત બીજી વખત ઈફકોના ચેરમેન બનવા બદલ તેમનો અભિવાદન સમારોહ પણ યોજાયો હતો. પહેલગામના આતંકી હુમલામાં શહીદ થયેલા મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણનું આયોજન કરવામાં આવ્યું હતું. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ પણ સહકારી ક્ષેત્ર વિશે સમજ આપી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ યોગેશભાઈ બારૈયાને બિરદાવેલ હતા. આ કાર્યક્રમમાં મનિષભાઈ સંઘાણી, જેન્તીભાઈ પાનસુરીયા, પીઠાભાઈ નકુમ, ચેતનભાઈ શિયાળ, જીગ્નેશભાઈ પટેલ, જીવનભાઈ બારૈયા, કરસનભાઈ ભીલ તથા દરેક સમાજના વિવિધ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં પત્નીએ પ્રેગનન્સી કાર્ડની દવા લેવા જવાનું પતિને કહેતા સારું ન લાગ્યું

ઢીકાપાટુનો માર મારી ગાળો આપી

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલામાં પત્નીએ પ્રેગનન્સી કાર્ડની દવા લેવા જવાનું પતિને કહેતા સારું લાગ્યું નહોતું. સાસરિયાએ ઢીકાપાટુનો માર મારીને ગાળો આપી હતી. બનાવ અંગે હિનાબેન સોહિલભાઈ ભટ્ટીએ પતિ સોહિલભાઈ દાદભાઈ ભટ્ટી, ફીરદોશબેન, ઈસ્માઈલભાઈ દાદાભાઈ ભટ્ટી તથા રશીદાબેન સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આ કામના ફરિ. તેઓ તેમના ઘરે ઉપરના રૂમમાં સુતા હતા. તેમણે પ્રેગનન્સી કાર્ડની દવા લેવા જવાનું પોતાના પતિને કહ્યું હતું. તેમજ નણંદને કહેતા સારૂ નહીં લાગતા પતિ સહિતના આરોપીઓએ ઢીકાપાટુનો માર મારી ગાળો આપી હતી. જેથી તેમણે પોતાની માતાને બોલાવ્યા હતા અને તેની સાથે તેના માતાના ઘરે ડેડકડી ગામે જતા રહ્યા હતા.

# સાવરકુંડલા યાર્ડના ડિરેક્ટરે આપઘાત કરી લેતા અરેરાટી

સાવરકુંડલા,તા.૨૯



સાવરકુંડલા APMCના ડિરેક્ટર અને વેપારી પેનલના સભ્ય, ૩૨ વર્ષીય અંકુરભાઈ બાવચંદભાઈ રામાણીએ પોતાના ગામ પિયાવા ખાતે પોતાના ઘરે ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું છે. જાણવા મળતી માહિતી મુજબ, છેલ્લા થોડા સમયથી તેમની પત્ની રિસામણે હોવાથી તેઓ તણાવમાં હતા. જોકે, પોલીસને ઘટનાસ્થળેથી એક સુસાઈડ નોટ મળી આવી છે અને વંડા પોલીસ આ અંગે વધુ તપાસ કરી રહી છે. સાવરકુંડલામાં વેપારી પેઢી ધરાવતા અંકુરભાઈ તેમના પરિવારમાં એકમાત્ર પુત્ર હતા અને તેમને ચાર બહેનો છે. તેમને સાત વર્ષનો એક પુત્ર પણ છે. આ યુવાન વેપારીના આકસ્મિક આપઘાતથી પિયાવા ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ડિરેક્ટરના મોતને કારણે આજે સાવરકુંડલા APMC બંધ પાળશે.

# 'તું ક્યાં ક્યાં કોને કોને મળવા જાય છે તેની મને ખબર છે' કહી વેપારી પર હુમલો કર્યો

સાવરકુંડલા શહેરમાં બનાવ બન્યો

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલામાં એક વેપારીને 'તું ક્યાં ક્યાં કોને કોને મળવા જાય છે તેની મને ખબર છે' તેમ કહી વેપારી પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે શબ્બીરભાઈ અલ્લારખભાઈ મલેક ઉર્ફે પીંટુભાઈ મલેક (ઉ.વ-૩૮)એ ઈરફાનભાઈ બાબાભાઈ કુરેશી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેમના પત્ની પોતાના ઘરે હોય ત્યારે આરોપી પોતાના મોબાઈલમાંથી વ્હોટ્સએપ કોલ કરી ફરીને કહ્યું કે "તારે જે કરવું હોય તે કરી લેજે અને તું ક્યાં ક્યાં કોને કોને મળવા જાય છે તેની મને ખબર છે અને તું મારા વિરૂધ્ધ પુરાવા ગોતે છે તે પણ મને ખબર છે તો તું તૈયારીમાં રહેજે" તેમ કહી જેમ ફાવે તેમ બોલવા લાગ્યો હતો. "તું આગામી દિવસોમાં તારી તૈયારીમાં રહેજે અને તું આખી જીંદગી યાદ રાખીશ, તેમજ મને ખબર છે કે તું મારા વિરૂદ્ધમાં પ્રુફ ગોતે છે" તેમ કહી ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.વાય. કાઝી વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના રાજપરડા ગામે મોટર સાયકલ ધીમે ચલાવવાનું કહેતા બે પક્ષોમાં જામી

રાજુલા, તા. ૨૯

રાજુલાના રાજપરડા ગામે બાઈક ધીમે ચલાવવાનું કહેતા બે પક્ષોમાં જામી હતી. બંને પક્ષોએ એકબીજા સામે જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવી હતી. સુરેશભાઈ પોપટભાઈ સોલંકીએ કાળુભાઈ રાજુભાઈ ચાવડા, રાજુભાઈ બાઘાભાઈ ચાવડા, દિનેશભાઈ બાઘાભાઈ ચાવડા, ગદાભાઈ બાઘાભાઈ ચાવડા તથા શાંતુબેન બાઘાભાઈ ચાવડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના બાળકો શેરીમાં રમતા હતા. કાળુભાઈ ચાવડા મોટર સાયકલ ફૂલ સ્પિડમાં ચલાવતા હોવાથી તેમણે ઠપકો આપ્યો હતો. જેનો ખાર રાખી આરોપીઓએ કુહાડાનો એક ઘા માર્યો હતો. આરોપીઓ તેમને ફટકારતા હતા ત્યારે તેમની પત્ની વચ્ચે પડતાં તેને પણ માથાના ભાગે કુહાડો માર્યો હતો. તેમજ તેના પિતાને માથાના ભાગે લાકડું માર્યું હતું. જે બાદ રાજુભાઈ બાઘાભાઈ ચાવડાએ સુરેશભાઈ પોપટભાઈ સોલંકી, સુરેશભાઈના સાળા, પોપટભાઈ બાલાભાઈ સોલંકી, મનીષાબેન સુરેશભાઈ સોલંકી તથા સવિતાબેન પોપટભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના દીકરાને સુરેશભાઈ સોલંકીની દીકરી સાથે લફરું હતું. જેનું મનદુઃખ રાખી તેમણે તેના દીકરાને ગામમાં વેલનાથ બાપુની જગ્યાએ મોટર સાયકલના કલચ વાયરથી માર માર્યો હતો. બાદમાં તેમના ઘરે ફળીયામાં આવી હાથમાં રહેલી લાકડી વડે ફટકાર્યો હતો. તેમજ તેની પત્ની તથા માતાને એક એક ઘા માર્યો હતો. આરોપીઓએ તેમને છરી બતાવી ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં એક્ટિવા લઈને જતા યુવકો પોલીસને જોઈ વાહન મૂકી નાસી છૂટ્યા

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલામાં એક્ટિવા લઈને જતા યુવક પાસેથી દારૂની બોટલ મળી હતી. તુષારભાઈ ગુણવંતભાઈ બગડા, સાહીલ નજીરભાઈ રાઉમા તથા અલફાજ આરીફભાઈ કુરેશી હવાલાવાળી સફેદ કલરનું એક્ટીવા લઈને પસાર થતા હતા ત્યારે પોલીસને જોઈ વાહન મૂકી નાસી છૂટ્યા હતા. પોલીસે તપાસ કરતા તેમાંથી દારૂની બોટલ મળી હતી. પોલીસે એક્ટીવા, દારૂની બોટલ મળી કુલ રૂા.૩૦,૪૫૦નો મુદામાલ જપ્ત કર્યો હતો. જિલ્લામાં ૬ લોકો પાસેથી ૧૧ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જ્યારે ૧૨ લોકો વગર પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. આ સિવાય ત્રણ ઈસમો નશાયુક્ત હાલતમાં વાહન ચલાવતા મળી આવ્યા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૧૦ | ૧૫૪૯ |
| ઘઉં લોકવન | ૪૯૧ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૮૮ | ૬૧૮ |
| જુવાર સફેદ | ૬૫૫ | ૮૪૫ |
| બાજરી | ૩૯૦ | ૪૨૨ |
| તુવેર | ૧૧૭૦ | ૧૩૮૬ |
| ચણા પીળા | ૯૨૫ | ૧૦૭૨ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૧૦૦ |
| અડદ | ૧૧૯૧ | ૧૫૬૦ |
| મગ | ૧૩૫૧ | ૧૬૪૫ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૨૨૦ |
| ચોળી | ૧૩૬૫ | ૨૪૦૭ |
| વટાણા | ૪૫૧ | ૧૭૦૦ |
| કળથી | ૫૫૦ | ૭૫૦ |
| રાજમા | ૫૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૦૪૫ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૨૭૦ |
| તલી | ૧૬૫૦ | ૧૯૬૨ |
| સુરજમુખી | ૯૦૦ | ૧૫૫૦ |
| એરંડા | ૧૧૨૧ | ૧૧૯૧ |
| અજમો | ૯૧૫ | ૧૪૩૨ |
| સુવા | ૧૧૩૦ | ૧૪૪૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૫ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૩૫ |
| કાળા તલ | ૩૪૦૦ | ૫૨૧૫ |
| લસણ | ૮૦૦ | ૧૪૫૦ |
| ધાણા | ૧૦૯૦ | ૧૪૮૦ |
| મરચા સુકા | ૮૫૦ | ૧૮૦૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૭૫૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૨૪૫૦ |
| જીરૂ | ૩૭૦૧ | ૪૩૦૫ |
| રાય | ૧૧૦૦ | ૧૨૨૫ |
| મેથી | ૮૭૦ | ૧૩૩૦ |
| ઇસબગુલ | ૧૫૫૦ | ૨૧૦૦ |
| અશેરીયો | ૧૩૫૦ | ૧૩૫૦ |
| કલોંજી | ૩૧૭૫ | ૩૭૨૬ |
| રાયડો | ૯૫૦ | ૧૦૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૬૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૩૬૦૦ |
| સાકરટેટી | ૨૦૦ | ૩૦૦ |
| તરબુચ | ૧૮૦ | ૩૨૦ |
| બટેટા | ૨૫૦ | ૩૧૧ |
| ડુંગળી સુકી | ૭૦ | ૨૩૦ |
| ટમેટા | ૨૦૦ | ૩૫૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| સકરીયા | ૨૫૦ | ૫૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૨૪૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦ | ૮૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૪૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૨૦૦ |
| ટીંડોળા | ૯૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૧૫૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૪૦ |
| સરગવો | ૧૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૭૫૦ | ૧૦૩૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૪૦ | ૬૨૦ |
| ગાજર | ૧૨૦ | ૩૩૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ગલકા | ૩૪૦ | ૫૨૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| મેથી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૪૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૫૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૫૦ | ૧૦૦૨ |
| શિંગ મોટી | ૬૪૦ | ૧૦૭૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૩૫૨ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૪૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૫૫૦૦ |
| તલ કાશ્મીરી | ૨૧૯૫ | ૨૧૯૫ |
| બાજરો | ૨૩૦ | ૫૧૦ |
| જુવાર | ૩૭૦ | ૭૦૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૯૮ |
| ઘઉં લોકવન | ૪૬૧ | ૫૩૬ |
| મગ | ૫૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૭૫ |
| ચણા દેશી | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૧૬૫ |
| ચણા છોલે | ૧૨૦૦ | ૧૬૬૬ |
| તુવેર | ૬૦૦ | ૧૩૭૬ |
| કપાસ | ૭૯૦ | ૧૫૬૧ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૯૧ |
| જીરૂ | ૨૮૭૫ | ૪૧૭૫ |
| રાયડો | ૮૪૦ | ૧૦૧૬ |
| રાય | ૧૧૯૫ | ૧૨૧૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૨૫ |
| ધાણી | ૧૦૦૦ | ૧૯૦૦ |
| અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૭૧૫ | ૯૩૦ |
| સોયાબીન | ૪૯૫ | ૮૧૧ |
| મરચા લાંબા | ૨૧૦ | ૧૫૦૦ |
| દેશી મરચા | ૨૧૦ | ૨૮૧૦ |
| કાંગ | ૪૬૭ | ૫૧૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૨૫૦ | ૩૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| દૂધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૨૦૦ | ૩૦૦ |
| કાચી કેરી | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૧૭૦૦ |
| સરગવો | ૨૦૦ | ૨૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૫૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૨૦૦ |
| લસણ લીલુ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| લસણ સુકુ | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૫૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૫૧ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૧૧૬ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૩૦૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૧ | ૧૨૦૧ |
| જીરૂ | ૩૩૫૧ | ૪૪૧૧ |
| કલંજી | ૨૫૦૦ | ૩૮૩૧ |
| વરીયાળી | ૧૧૦૧ | ૧૪૨૬ |
| ધાણા | ૮૦૧ | ૧૫૯૧ |
| મરચા સૂકા પટ્ટો | ૨૦૧ | ૨૨૫૧ |
| લસણ સુકું | ૬૩૧ | ૧૩૫૧ |
| ડુંગળી લાલ | ૩૧ | ૨૧૬ |
| અડદ | ૭૦૧ | ૧૫૧૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૪૧૧ |
| રાયડો | ૯૫૧ | ૧૦૭૧ |
| મેથી | ૬૫૦ | ૯૪૧ |
| કાંગ | ૫૫૧ | ૬૨૧ |
| સુરજમુખી | ૧૦૦૧ | ૧૦૭૬ |
| મરચા | ૩૦૧ | ૨૦૫૧ |
| ગુવાર બી | ૯૦૧ | ૯૦૧ |
| મગફળી જાડી | ૭૦૧ | ૧૩૮૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૨૦૨૧ |
| તલ - તલી | ૧૨૦૦ | ૧૯૫૧ |
| ધાણી | ૯૦૧ | ૧૮૦૧ |
| ડુંગળી સફેદ | ૯૪ | ૧૩૮ |
| બાજરો | ૩૦૧ | ૪૦૧ |
| જુવાર | ૫૫૧ | ૭૩૧ |
| મગ | ૧૫૯૧ | ૧૫૯૧ |
| ચણા | ૯૫૧ | ૧૦૭૬ |
| વાલ | ૭૫૧ | ૧૧૧૧ |
| ચોળા / ચોળી | ૮૫૦ | ૨૪૭૧ |
| સોયાબીન | ૬૦૬ | ૮૧૧ |
| ગોગળી | ૭૮૧ | ૧૦૧૧ |
| વટાણા | ૧૧૦૦ | ૧૫૫૧ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૪૨૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦ | ૧૬૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૩૬૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૨૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૮૨૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૨૨૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૫ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૪ | ૬ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| કાચા કેળા | ૫૦૦ | ૭૦૦ |
| ચુરણ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| પરવર | ૮૨૦ | ૯૦૦ |
| ગુંદા | ૨૨૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૫૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૪ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૫ | ૧૦ |
| ચોરા | ૩૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૩૨૦ | ૭૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૧૨૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૯૦૦ |
| ફણશી | ૨૪૦૦ | ૨૮૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૧૫૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૫ |
| પાલક પુરા | ૨ | ૮ |
| **ધારી** | | |
| મગફળી | ૯૦૦ | ૯૫૦ |
| ઘઉં લોકવન | ૪૮૭ | ૫૦૦ |
| ચણા | ૧૦૨૧ | ૧૦૭૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૨૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૨૫ |
| એરંડા | ૮૧૦ | ૧૧૧૧ |
| મેથી | ૮૪૫ | ૮૪૫ |
| સોયાબીન | ૭૫૨ | ૭૫૨ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૩૬ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૦૧ |
| ચણા | ૧૦૪૧ | ૧૦૭૫ |
| જુવાર સફેદ | ૭૦૧ | ૭૦૧ |
| એરંડા | ૧૧૪૨ | ૧૧૪૨ |
| સોયાબીન | ૭૭૪ | ૭૯૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૧૧ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૨ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૦૨ |
| ચણા | ૮૨૦ | ૧૦૫૦ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૪૯૦ | ૧૪૯૦ |
| મગફળી | ૭૧૫ | ૮૪૦ |
| જીરૂ | ૩૬૯૦ | ૩૬૯૦ |
| તુવેર | ૧૦૩૦ | ૧૩૦૧ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| સોયાબીન | ૬૩૦ | ૬૩૦ |
| મકાઈ | ૪૮૦ | ૪૮૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૬૦ |
| કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૪૦૦ |
| મગફળી | ૯૭૫ | ૧૦૩૫ |
| જીરૂ | ૩૮૪૫ | ૪૧૨૫ |
| ઘઉં | ૪૭૨ | ૫૨૮ |
| ધાણા | ૧૩૩૦ | ૧૪૮૦ |
| ચણા | ૧૦૫૨ | ૧૦૭૮ |
| એરંડા | ૧૦૭૦ | ૧૧૪૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૩૦ | ૧૦૩૨ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૪૬ |
| બાજરી હાઈબ્રીડ | ૫૦૦ | ૫૭૫ |
| ઘઉં | ૪૬૦ | ૫૬૮ |
| રાઇ | ૧૧૬૦ | ૧૨૩૮ |
| રાયડો | ૯૭૦ | ૧૦૨૬ |
| મેથી | ૭૫૦ | ૮૫૨ |
| જુવાર | ૫૫૦ | ૭૬૨ |
| એરડી | ૧૧૨૦ | ૧૨૦૭ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૭૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૩૮ |
| કાંગ | ૪૦૦ | ૫૨૪ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૯૬૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૭૪૧ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૦૮ |
| બાજરો | ૪૨૨ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૧૦ |
| જુવાર | ૬૮૦ | ૮૪૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| તુવેર | ૧૨૦૧ | ૧૩૦૭ |
| ચણા | ૯૫૧ | ૧૦૬૩ |
| રાય | ૯૫૨ | ૧૧૬૧ |
| ધાણા | ૧૬૭૫ | ૧૬૭૫ |
| મેથી | ૭૦૦ | ૧૧૫૧ |
| સોયાબીન | ૭૫૦ | ૮૦૦ |
| સુવા | ૯૫૦ | ૯૫૦ |
| અજમા | ૧૫૦૧ | ૧૫૦૧ |
| વરીયાળી | ૧૨૫૧ | ૨૩૦૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૯૮૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૬૫ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૨૦ |
| તલ કાળા | ૪૨૦૦ | ૪૮૦૦ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૩૫૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૫ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૧૦ |
| બાજરો | ૪૮૦ | ૫૯૦ |
| જુવાર | ૫૦૦ | ૭૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૮૨ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૭૧ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૭૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૮૦ |
| સોયાબીન | ૭૫૦ | ૭૮૬ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૬૬ |
| મગફળી | ૬૦૦ | ૯૭૧ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૪૬ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૫૯૬ |
| મેથી | ૬૦૦ | ૯૦૬ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૫૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૦૦ | ૫૦૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૭ |
| મગ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| તુવેર | ૬૦૦ | ૧૨૮૦ |
| ચોળી | ૧૧૦૦ | ૨૧૩૫ |
| મેથી | ૯૦૦ | ૧૦૫૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૬૫ |
| મગફળી જીણી | ૭૦૦ | ૧૨૦૦ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૯૪ |
| રાયડો | ૯૫૦ | ૧૦૭૫ |
| રાઈ | ૧૦૦૦ | ૧૨૨૫ |
| લસણ | ૫૦૦ | ૧૬૦૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૨૯૦ |
| અજમો | ૧૦૦૦ | ૨૬૫૦ |
| ધાણા | ૯૦૦ | ૧૩૪૫ |
| ડુંગળી | ૮૫ | ૧૮૫ |
| મરચા સૂકા | ૨૦૦ | ૧૮૭૦ |
| કલોંજી | ૧૫૦૦ | ૩૬૫૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૯૪૦ | ૯૯૫ |
| શીંગ ૩૨ | ૯૩૦ | ૯૯૫ |
| શીંગ જી-૨૦ | ૯૫૦ | ૧૦૦૪ |
| એરંડા | ૧૦૫૪ | ૧૦૫૪ |
| જુવાર | ૩૯૧ | ૭૦૨ |
| બાજરી | ૪૨૧ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૩૦ |
| મકાઈ | ૬૦૦ | ૬૦૦ |
| અજમા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ધાણા | ૫૦૦ | ૧૨૨૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ચણા નં.૩ | ૯૭૮ | ૧૦૬૮ |
| ચણા છોલે | ૧૦૯૪ | ૧૧૭૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૬૨ |
| તલ કાળા | ૫૦૦ | ૩૯૦૦ |
| તુવેર | ૧૦૬૫ | ૧૩૩૫ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૩૦૦ |
| ડુંગળી લાલ | ૫૯ | ૨૪૯ |
| ડુંગળી સફેદ | ૮૦ | ૧૯૭ |
| કપાસ શંકર | ૮૦૦ | ૧૪૫૬ |
| નાળીયેર | ૯૧૮ | ૨૬૩૨ |



લાગે તો તીર : - હવા વગરનાં ટાયર જેવો બકો 06

# પીઓકે પર ભારતનો કબજો કેમ જરૂરી ?

## બ્રેકિંગ પોઈન્ટ



નેહા શર્મા



પાકિસ્તાન પર આક્રમણ કરવું જોઈએ ?

કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં ૨૮ની હત્યા પછી આ મુદ્દો ચર્ચામાં છે. સામાન્ય લોકોમાં ભારે આક્રોશ છે અને પાકિસ્તાનની સાન ઠેકાણે લાવવા માટે એક વાર તો હલ્લાબોલ કરી જ નાંખવું જોઈએ એવી લોકોની લાગણી છે. નિવૃત્ત લશ્કરી અધિકારીઓ પણ પાકિસ્તાન સામે નાનાં નાનાં પગલાંના બદલે એક વાર આર યા પારની લડાઈ કરીને મિલિટરી ઓપરેશન કરી નાખવાની તરફેણ કરે છે.

ભૂતકાળમાં ભારતે પુલવામા આતંકવાદી હુમલા પછી પાકિસ્તાનમાં ઘૂસીને સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. અધિકારીઓનું કહેવું છે કે, સર્જિકલ સ્ટ્રાઈકથી હવે વાત આગળ વધી ગઈ છે કેમ કે પાકિસ્તાનમાં આતંકવાદી નેટવર્ક એટલું બધું વ્યાપક છે કે તેનો ખાતમો સર્જીકલ સ્ટ્રાઈકથી કરવો શક્ય જ નથી. પાકિસ્તાનમાં ધર્માંધતા અને કટ્ટરવાદના કારણે આતંકવાદીઓની ભરતી બંધ થતી જ નથી ને આપણે મારી મારીને કેટલાંને મારીશું ? તેના બદલે એક વાર મોટો હુમલો કરીને પાકિસ્તાનમાં આતંકવાદી નેટવર્કને પોષનારા પાકિસ્તાની આર્મીને ખોખરું કરી નાંખવું જોઈએ અને પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે) પર કબજો કરી લેવો જોઈએ.

નાઈન ઈલેવનના હુમલા પછી અમેરિકાએ અફઘાનિસ્તાનને જે રીતે ધમરોળ્યું હતું એ રીતે ધમરોળી નાંખ્યા પછી પાકિસ્તાન સામે સતત પ્રોક્સી વોર કરવી પડે.

પીઓકે પર કબજો કરવાની અત્યારે આપણી પાસે તક પણ છે કેમ કે પાકિસ્તાને સિમલા કરાર રદ કરી નાંખ્યા છે. આ સંજોગોમાં પાકિસ્તાન સાથેના વિવાદ શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માટે હવે આપણે બંધાયેલા નથી તેથી આપણે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં ઘૂસીને કબજો કરી શકીએ ને એક વાર પીઓકે પર કબજો થાય તો આતંકવાદીઓની કમર તૂટી જાય, પાકિસ્તાન આર્મીનું મોરલ પણ તૂટી જાય.

ભારત ચોક્કસ વ્યૂહરચના સાથે આક્રમણ કરે તો આખા પીઓકે પર કબજો કરી શકે. માનો કે એવું ના થાય ને પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં આપણે અંકુશરેખા (લાઈન ઓફ કંટ્રોલ-એલઓસી)થી પાંચ-સાત કિલોમીટર અંદર સુધી જઈ શકીએ તો પણ પૂરતું છે. પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં આતંકવાદીઓના અડ્ડા ધમધમે છે. એ બધા કંઈ અંકુશરેખાથી પાંચ-સાત કિલોમીટરના દાયરામાં ના જ હોય પણ આપણે ત્યાં સુધી ઘૂસીએ એટલે તેમનામાં ભાગદોડ તો મચે જ.

કોઈને આ વાતો શેખચલ્લીના તુક્કા જેવી લાગે પણ આ શક્ય છે.

■■■

પીઓકે પર કબજો કરવા રાજકીય ઈચ્છાશક્તિ જરૂરી છે.

આપણી સંસદે ૨૦૧૯ના નવેમ્બરમાં ઠરાવ પસાર કરેલો કે, પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) ભારતનો જ હિસ્સો છે ને ભારત એ પાછો મેળવવા તમામ પ્રયત્નો કરશે. ઈન્ડિયન આર્મી અને એરફોર્સે વારંવાર કહ્યું છે કે, દેશની નેતાગીરી સંકેત કરે એટલી વાર છે, બાકી અમે તો પીઓકેમાં ઘૂસીને કબજો કરવા તૈયાર જ બેઠા છીએ.

ભારતના આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નારવણેએ ૨૦૨૦માં પત્રકાર પરિષદમાં સંસદના ઠરાવની વાત યાદ અપાવીને ડંકે કી ચોટ પર એલાન કરેલું કે, ભારતીય આર્મી પીઓકે પર કબજા માટે સજ્જ છે. જનરલ નારવણેએ કહેલું કે, ભારતની સંસદે બહુ વર્ષો પહેલાં ઠરાવ પસાર કર્યો હતો કે, પાકિસ્તાને પચાવી પાડેલાં કાશ્મીર (પીઓકે) સહિત સમગ્ર કાશ્મીર ભારતનું જ છે. ભારતની સસંદ ઈચ્છતી હોય કે, સમગ્ર કાશ્મીર પર ભારતનો કબજો થાય તો અમને આદેશ આપે, અમે પીઓકે પાછું મેળવીને ચોક્કસ કાર્યવાહી કરીશું.

જનરલ નારવણેએ આડકતરી રીતે સરકારને પીઓકે પર કબજો કરવા માટે આક્રમણ કરવા ગ્રીન સિગ્નલ આપવા કહી દીધેલું પણ મોદી સરકાર હિંમત ના બતાવી શકી અને આર્મીને છૂટો દોર ન આપી શકી.

આપણા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે પણ ૨૦૨૦માં જ આ વાત દોહરાવી હતી. પાકિસ્તાન અને ચીન એકબીજાની નજીક આવી રહ્યાં છે એ સંદર્ભમાં જનરલ રાવતે કહેલું કે, ચીન-પાકિસ્તાન ભેગાં મળીને ભારત સામે જે બેવડો ખતરો ઉભો કરી રહ્યાં છે તેને પહોંચી વળવા ભારત સક્ષમ છે તેથી ચિંતા કરવાની જરૂર નથી.

જનરલ રાવતે કહેલું કે, પાકિસ્તાન ચીનના ખોળામાં બેઠેલું છે. બંને લશ્કરી, આર્થિક ને રાજદ્વારી રીતે પણ એક જ છે. બંને એકબીજાને માફક આવે ને હિતો સચવાય એ રીતે વર્તી રહ્યાં છે. ચીન-પાકિસ્તાન પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં સાથે મળીને જ કામ કરી રહ્યાં છે તેથી ચીન પીઓકેમાં ઘૂસી જાય એ પહેલાં આપણે કાર્યવાહી કરવી પડે.

જનરલ રાવતની વાતને ગંભીરતાથી લઈને મોદી સરકારે એ વખતે લશ્કરને છૂટ આપી હોત તો અત્યારે કદાચ પીઓકે ભારત પાસે હોત. જો કે હજુય મોડું થયું નથી અને મોદી સરકાર હિંમત બતાવે તો આપણું આર્મી તો તૈયાર જ બેઠું છે.

કમનસીબે મોદી સરકારમાં રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ છે. ભાજપને લોકસભાની ચૂંટણીમાં મત લેવા હોય ત્યારે પીઓકેનો મુદ્દો છેડે છે ને પછી ઠંડા પડીને બેસી જાય છે. ગયા વરસે લોકસભાની ચૂંટણીમાં ભાજપે પીઓકે લેવાનો મુદ્દો ગજવેલો. એ વખતે કોંગ્રેસના મણિશંકર ઐયરે કહેલું કે, પાકિસ્તાન પાસે પરમાણુ શસ્ત્રો હોવાથી ભારત આક્રમણ કરે તો પાકિસ્તાન કંઈ નહીં કરે એવું માનવાને કારણ નથી કેમ કે પાકિસ્તાને બંગડીઓ નથી પહેરી.

નરેન્દ્ર મોદીએ સામે ફૂંફાડો માર્યો હતો કે, અમે પાકિસ્તાનને બંગડીઓ પહેરાવી દઈશું.

સવાલ એ છે કે, મોદી સરકાર ક્યારે પાકિસ્તાનને બંગડીઓ પહેરાવશે ? પહેલગામ જેવા બીજા હુમલા થાય ને ભારતીયોની લાશો પડ્યા કરે તેની રાહ જોવાની છે ?

■■■

પીઓકે પર કબજો કેમ જરૂરી છે ?

પીઓકે પાકિસ્તાનનું ભારતમાં આતંકવાદ ફેલાવવા માટેનું લોંચ પેડ છે. પીઓકેમાં પાકિસ્તાને ઉભી કરેલી આતંકવાદી છાવણીઓમાંથી આવતા આતંકવાદીઓ ભારતમાં કાળો કેર વર્તાવે છે, નિર્દોષ લોકોની હત્યાઓ કરે છે અને કાશ્મીરમાં શાંતિ થવા જ નથી દેતા. ભારતનો પીઓકે પર કબજો હોય તો આખા આતંકવાદી નેટવર્કનો ખાતમો કરી શકાય. તેના કારણે કાયમ માટે કાશ્મીરમાં શાંતિ થઈ જાય અને કાશ્મીરમાં સુરક્ષા પાછળ દર વરસે કરોડો રૂપિયા ખર્ચવા પડે છે એ પણ બંધ થઈ જાય.

બીજો ફાયદો મોટો છે.

પીઓકેની સરહદ છેક અફઘાનિસ્તાનને અડકે છે. અત્યારે અફઘાનિસ્તાનમાં તાલિબાનનું શાસન છે. પાકિસ્તાન સરકાર અને તાલિબાન વચ્ચે જંગ ચાલે છે જ્યારે ભારત અને તાલિબાનના સંબંધો સારા છે. પીઓકે પર કબજો હોય તો ભારત અફઘાનિસ્તાન સાથે સીધો વેપાર કરી શકે અને પાકિસ્તાની એર સ્પેસનો ઉપયોગ કર્યા વિના પોતાનાં વિમાનો ઉડાડી શકે. ઈરાન સાથે પણ સીધો વ્યાપાર કરી શકાય. તેના કારણે ભારતને ભારે આર્થિક ફાયદો થાય.

ભારતને બીજો ફાયદો એ થાય કે, પાકિસ્તાનને અંકુશમાં રાખી શકાય.

પાકિસ્તાનમાં બલુચિસ્તાન, પંજાબ, સિંધ અને ખૈબર પશ્તુનવાલા એમ ચાર પ્રાંત છે. રાજધાની ઈસ્લામાબાદ ફેડરલ કેપિટલ ટેરિટરી એટલે કે કેન્દ્રશાસિત પ્રદેશ છે. સંખ્યાબંધ કેન્દ્રશાસિત આદિવાસી પ્રદેશો છે કે જેમાંથી મોટા ભાગના અફઘાનિસ્તાનની સરહદે છે. આ વિસ્તારોમાં નામ પૂરતું પાકિસ્તાનનું શાસન છે. બાકી ત્યાં આદિવાસી કબિલા જ રાજ કરે છે.

પાકિસ્તાનની રચના ઈસ્લામ પાળતા લોકોના રાષ્ટ્ર તરીકે થઈ પણ પાકિસ્તાનની સ્થાપનાથી જ ચારેય પ્રાંતોમાં ડખા શરૂ થઈ ગયેલા. આ ડખા ધીરે ધીરે વધતાં અત્યારે પાકિસ્તાન આંતરવિગ્રહમાં સપડાયેલું છે. પાકિસ્તાનમાં આંતરવિગ્રહનું કારણ ત્યાંનું રાજકારણ છે. પાકિસ્તાનના રાજકારણ પર પંજાબીઓ અને સિંધીઓનું વર્ચસ્વ છે અને બીજા પ્રાંતોની અવગણના થાય છે.

પાકિસ્તાનમાં મુસ્લિમ લીગ અને પીપીપી એ બે પાર્ટી વારાફરતી સત્તામાં આવે છે. નવાઝ શરીફની પાર્ટી મુસ્લિમ લીગ પંજાબમાં વર્ચસ્વ ધરાવે છે. બેનઝીર ભુટ્ટોના પિતાએ સ્થાપેલી અને હવે બેનઝીરના પતિ આસિફ અલી ઝરદારીની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી સિંધમાં વર્ચસ્વ ધરાવે છે. આ બંને પાર્ટીએ આખા પાકિસ્તાનને ચૂસી લીધું તેથી બીજા પ્રાંતનાં લોકોમાં જબરદસ્ત આક્રોશ છે. આ બધા પ્રદેશોનાં લોકો પાકિસ્તાનથી અલગ થવા લડી રહ્યાં છે.

ભારત પાસે પીઓકે હોય તો ભારત પીઓકેનો ઉપયોગ પાકિસ્તાન સરકાર સામે લડતાં સંગઠનોને પનાહ આપવા કરી શકે ને પાકિસ્તાનના ટુકડા કરાવી શકે.

■ sanjogpurti@gmail.com

# દંતવ્ય, તાલવ્ય, મૂર્ધન્ય...





## ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

આપણે ઉચ્ચાર સંબંધી વાત કરી રહ્યા છીએ ત્યારે અનુનાસિક ધ્વનિઓના ઉચ્ચારણ સંબંધે પણ કેટલુંક વિચારીએ. ઙ, ઞ, ણ, ન અને મ અનુનાસિક વ્યંજનો છે. પાણિનિએ 'માહેશ્વર' સૂત્રમાં સાતમાં ક્રમમાં અનુનાસિકોનો સમાવેશ કર્યો છે. આ વ્યંજનો પ્રથમ મુખમાંથી ('મ' સિવાયના) અને પછી નાકમાંથી બોલાય છે, એટલે અનુનાસિક કહેવાય છે. અનુનાસિક સિવાયના ક થી મ સુધીના વ્યંજનો આપણે બોલીએ છીએ ત્યારે ઉચ્છ્વસિત હવા માત્ર મુખમાંથી જ બહાર આવે છે, જ્યારે અનુનાસિક ધ્વનિઓના ઉચ્ચારણ વખતે કેટલીક હવા નાકમાંથી બહાર આવે છે. (નાક બંધ કરીને અનુનાસિક વ્યંજનોનું ઉચ્ચારણ કરી જુઓ) અનુનાસિકની બીજી વિશેષતા એ છે કે એ અનુસ્વારની જગ્યાએ ઉચ્ચારાય છે. એ પણ વર્ગીય વ્યંજનો છે. ક(કંઠ્ય) વર્ગનો અનુનાસિક 'ઙ', ચ (તાલવ્ય)વર્ગનો અનુનાસિક 'ઞ', ટ(મૂર્ધન્ય) વર્ગનો અનુનાસિક 'ણ', ત (દન્ત્ય)વર્ગનો અનુનાસિક 'ન' અને પ(ઔષ્ઠ્ય) વર્ગનો અનુનાસિક 'મ' છે. 'ઙ' અને 'ઞ' પરથી શરુ થતો હોય એવો કોઈ શબ્દ, શબ્દકોશમાં નથી, એટલે કેટલાક લોકો એવું માનતા થયા છે કે હવે આ ધ્વનિઓ નહિ હોય! પરંતુ એવું નથી. 'ઙ' અને 'ઞ'થી કોઈ શબ્દ શરુ ન થતો હોવા છતાં એ આપણા ઉચ્ચારણમાં છે. આ ધ્વનિઓ ક્યારે બોલાય છે, કેમ બોલાય છે એની થોડી માહિતી આપણે મેળવીએ. આપણે ગંગા, કાંચનજંઘા, ચંગુ, મંગુ જેવા શબ્દો બોલીએ છીએ ત્યારે અનુસ્વારની જગ્યાએ 'ઙ'નો જ ઉચ્ચાર કરીએ છીએ અને સંજય, ધનંજય, સંચો, મંચ જેવા શબ્દો બોલીએ છીએ ત્યારે અનુસ્વારની જગ્યાએ 'ઞ'નો ઉચ્ચાર કરીએ છીએ.(તમે બરાબર સરવા કાને સાંભળો તો સંભળાશે.) ગંગા શબ્દમાં અનુસ્વારની જગ્યાએ 'ઙ' જ ઉચ્ચારાય અને સંજય શબ્દમાં અનુસ્વારની જગ્યાએ 'ઞ' જ ઉચ્ચારાય એવું કેમ બનતું હશે, તો એનો પણ ઉત્તર છે કે અનુસ્વાર પછી જે વર્ગનો ધ્વનિ આવતો હોય, એ વર્ગનો જે અનુનાસિક હોય તે અનુનાસિક એ અનુસ્વારની જગ્યાએ ઉચ્ચારાય. દા.ત. 'સંબંધ' શબ્દમાં બે અનુસ્વાર છે. પ્રથમ અનુસ્વાર પછી 'બ' છે. 'બ' પ (ઔષ્ઠ્ય) વર્ગનો ધ્વનિ છે. પ (ઔષ્ઠ્ય) વર્ગનો અનુનાસિક 'મ' છે, એટલે પ્રથમ અનુસ્વારની જગ્યાએ 'મ' નો ઉચ્ચાર થશે અને બીજા અનુસ્વાર પછી 'ધ' છે. 'ધ' ત (દન્ત્ય)વર્ગનો ધ્વનિ છે, ત(દન્ત્ય) વર્ગનો અનુનાસિક 'ન' છે, એટલે બીજા અનુસ્વારની જગ્યાએ 'ન' નો ઉચ્ચાર થશે. આમ 'સમ્બન્ધ' એવું સાચું ઉચ્ચારણ થશે. આવું તમામ અનુનાસિકોનાં ઉચ્ચારણમાં અનુભવાશે.(અનુભવ કરી જુઓ અને સાચા 'ઙ' અને 'ઞ'નાં ઉચ્ચારણો કરો)

■ naranbaraiya277@gmail.com

# માતૃભાષાના સંવર્ધક અને શ્રેષ્ઠ શિક્ષક : માધવ ગઢવી




## સામાજિક અને શૈક્ષણિક



વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

માતૃભાષાના પ્રખર સંવર્ધક અને પ્રચારક માધવ ગઢવી ગુજરાતી સાહિત્યના ઉત્સાહી વાચક અને મીમાંસક છે. ગઢવી એટલે સરસ્વતીના ઉપાસકો હોય જ. તેઓની કલમમાં મા સરસ્વતી અને શારદાનો વાસ છે. માધવ ક્યાંય નથી, માત્ર મધુવન અને સાહિત્યવનમાં છે. તેઓ ભાષાવિદ્‌ની સાથે સાથે સારા લેખક છે. અત્યાર સુધી તેમના ત્રણ પુસ્તકો પ્રકાશિત થયા છે તેવા માધવસિંહ કે. ગઢવી, મદદનીશ શિક્ષક એન.એમ. પટેલ હાઈસ્કૂલ આંત્રોલી તા.કપડવંજ જી.ખેડા મો.૯૪૩૭૫૪૭૪૨૧ માં નિજાનંદની જેમ શિક્ષણની સાધના કરતું વ્યક્તિત્વ છે. તેમના ત્રણ પુસ્તકો વાચક વર્ગને રસાસ્વાદ કરાવશે. તેમના ત્રણ પુસ્તકો જે પ્રકાશિત પુસ્તકો..૧ - 'મારા શમણે ઊગેલ વાતો'

૨ - 'ત્રણ પંક્તિના સત્તર અક્ષર' ૩ - 'મન દરિયાની સફરે' પ્રકાશિત થઈ ચૂક્યા છે. તેઓની ભાષા ઉપરની પક્કડ અદ્‌ભુત છે. તેમનું વિવેચન અને વિશ્લેષણ વાચક વર્ગને પ્રેરણા આપે એવું હોય છે. પોતાના સૌમ્ય અને આનંદિત સ્વભાવથી સાહિત્યની યાત્રા નિરંતર વહાવ્યા કરે છે. મૃદુ અને પ્રેરણાશીલ વ્યક્તિત્વ તરીકે સાક્ષરનગરી કપડવંજની અસ્મિતાને શણગારી છે. વતન ચારણીયા ગામનું રતન સાહિત્ય સર્જનથી શોભા વધારી રહ્યું છે.

ભાષા શિક્ષક તરીકે ૨૩ વર્ષથી શ્રી એન.એમ. પટેલ હાઈસ્કૂલ, આંત્રોલીમાં એક સાધકની જેમ ભાષાનું ભાથું ગ્રામ્ય બાળકોમાં કંડારી રહ્યા છે. તેમનું ચોથું પુસ્તક ''કલમની પાંખે ઉડતી વાર્તાઓ'' પ્રકાશિત થનાર છે. વાચક વર્ગને વાંચવા માટે જીજીવિષા ઉભી કરશે. તેમની વાર્તાઓમાં ગ્રામ્યજીવનને ઉજાગર કરવું, પ્રકૃતિ અને પ્રણય બંનેનો વિનિયોગ તેમના પુસ્તકમાં વાચક વર્ગને જોવા મળશે. તેમની સર્જનકલા સંજીવની સમાન રહી છે. એક અભ્યાસુ, ચિંતક અને ભાષાવિદ્ શિક્ષક તરીકે પોતાની આવડતને ધૂણી ધખાવીને સાહિત્યના બીબામાં ઢાળવાની કલા કૌશલ્યતા અનન્ય છે.

મોરારીબાપુના શબ્દોમાં કહીએ તો ''શિક્ષક અર્ક વાળો, તર્ક વાળો અને સતત સંપર્ક વાળો હોવો જોઈએ''. માધવ ગઢવી રાજ્ય લેવલે કાર્યકર્તા હોવા છતાં તેમની કલમ અવિરત ચાલતી રહે છે. તેમનું પુસ્તક વાચક વર્ગને ઉપયોગી નિવડશે. ગુજરાતી સાહિત્યના ધૂમકેતુ પોતાની વાર્તાઓ થકી વાચક વર્ગને વાંચવા માટે મજબૂર કરે છે તેમ તેવું જ આ વ્યક્તિત્વ એટલે માધવ ગઢવી...

માધવ ગઢવીને તેમના ચોથા પુસ્તક 'કલમની પાંખે ઉડતી વાર્તાઓ' માટે શબ્દ દેહે શુભકામનાઓ પાઠવું છું. એક શિક્ષક પોતાની કર્મ ગતિ દ્વારા સાહિત્યની સેવા એ જ ધર્મ સમજી કાર્ય કરે તે જ સૌથી મોટો એવોર્ડ છે. વ્હાલા માધવ ગઢવી ખેડા જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક છે. આપને રાજ્યનો પારિતોષિક પ્રાપ્ત થાય અને સાહિત્ય ક્ષેત્રે ઊંડું ખેડાણ કરો તેવી મા સરસ્વતીને પ્રાર્થના કરું છું અને શુભેચ્છા પાઠવું છું.

એક આદર્શ અને પ્રેરણામૂર્તિ શિક્ષક તરીકે માધવ ગઢવી કાર્ય કરે છે. કોઈપણ કાર્યક્રમ હોય ત્યારે તેમના એન્કરિંગમાં ભાષા અને સાહિત્યની મોજ દર્શકોને પ્રાપ્ત થતી હોય છે. દુલાભાયા કાગની વાણીમાં અદ્‌ભુત ઉદ્‌ઘોષક તરીકે બોલી શકે છે. સરકારની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં તેમના જ્ઞાનનો લાભ આપે છે. વાંચન, લેખન અને ચિંતન તેમનો રસનો વિષય છે. પોતાના માતાશ્રીની અસીમ કૃપાથી આજે સાહિત્ય સર્જન કરી રહ્યા છે. સાધુ જેવું જીવન વ્યતિત કરે છે. ધર્મપત્નીના સ્વર્ગવાસ પછી તેઓ તેમના દીકરાને માતા અને પિતાનો પ્રેમ સંપાદન કરી રહ્યા છે. પોતાનું સમગ્ર જીવન સાહિત્ય અને પ્રકૃતિ સાથે અનુબંધ બાંધીને જીવી રહ્યા છે.

ગ્રામ્ય પ્રકૃતિને ઉજાગર કરવા માટે સતત પ્રયાસ કરે છે. પુસ્તકોનું સર્જન કર્યા પછી પણ સમયસર વાંચન કરવું, લેખન કરવું અને તે પ્રમાણે તેને પોતાની મૌલિક શૈલીમાં કંડારવાની કલા માં ભગવતીએ તેમનામાં નિર્માણ કરેલ છે. ખેડા જિલ્લાના રત્ન સમા માધવ ગઢવી એક આદર્શ અને પ્રેરણામૂર્તિ શિક્ષક છે.

■ Mo.9825702282

# ભોજન શેમાં કેવી રીતે બનાવવું અને કેવી રીતે જમવું તે અંગેની સામાન્ય સમજ



વૈવિધ્ય



ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

નેચરોપેથીના પૂરસ્કર્તાઓ બધું જ કાચું ખાવાની સલાહ આપે છે, જ્યારે આયુર્વેદ બધી જ વસ્તુઓ કાચી ન ખાવી જોઈએ એમ કહે છે. બેમાંથી સાચું કયું ?

મનુષ્યના પાચનતંત્રની ક્ષમતા જોતા અનાજ તથા શાકભાજી રાંધીને ખાવા જોઈએ જ્યારે ફળો અને કેટલાક શાક કાચા ખાવા જોઈએ. શું કેવા સ્વરૂપમાં ખવાય એના શાસ્ત્રને જ આહારશાસ્ત્ર કહેવાયું છે અને આહારના શાસ્ત્રને પાકશાસ્ત્ર અનુસરે છે તેથી કાચું અને રાંધેલું ખાવાનો વિવેક જાળવવો એ જ હિતાવહ છે.

આયુર્વેદ ચરી પાળવા પર બહુ જ ભાર મૂકે છે જ્યારે આજકાલ ડોક્ટરો ચરી પાળવા અંગે ખૂબ છૂટછાટ આપે છે બેમાંથી સાચું ક્યું?

શરીરનું આરોગ્ય આહારવિહાર ઉપર જ આધાર રાખે છે. આહારવિહાર યોગ્ય હોય તો રોગ જ ન થાય. આહારવિહાર બગડે તો સ્વાસ્થ્ય બગડે તેથી સ્વાસ્થ્ય સુધારવું હોય તો પથ્ય આહાર લેવો. જે આહારવિહાર અનુકૂળ આવતો હોય તેને પથ્ય આહાર કહેવાય, શરીર બગડ્યું હોય ત્યારે તેને ઠીક કરવા માટે જે આહાર અનુકૂળ હોય તેને પથ્ય આહાર કહેવાય. પથ્ય આહાર લેવો અને અપથ્ય ન લેવો એને જ ચરી પાળવી કહેવાય.

આયુર્વેદમાં રોગ દૂર કરવા માટે પ્રથમ ચરી પાળવાનો અને બીજા ક્રમે ઔષધનો ઉપયોગ થાય છે તેથી આયુર્વેદ ચરી પાળવા ઉપર ખાસ ભાર મૂકે છે. આહાર એ જ પ્રથમ ઔષધ છે. આપણી આહાર યોજના સ્વાસ્થ્યને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલી છે. તેથી યોગ્ય આહારનું સેવન કરવું જોઈએ. એલોપેથીનો સિદ્ધાંત જુદો છે તેથી તેમાં ચરીનો સમાવેશ થતો નથી. તેમ છતાં આજે એલોપેથીના ડોક્ટરો ડાયાબિટીસ, લોહીનું દબાણ, હૃદય રોગ વગેરે જેવા રોગોમાં ગળપણ, મીઠું, તેલ વગેરે ન ખાવાની સલાહ આપે જ છે. આ પણ ચરી જ છે. છતાં એલોપેથીમાં આ શાસ્ત્ર વિકસિત અવસ્થામાં નથી. અત્યંત પ્રાથમિક અવસ્થામાં છે.

આજકાલ આધુનિક રસોડામાંથી દૂર કરવા જેવી મુખ્ય બાબતો કઈ?

આજકાલ આધુનિક રસોડામાંથી દૂર કરવા જેવી મુખ્ય બાબતો આ પ્રમાણે છે -

રસોઈ બનાવવા માટેનો ઓટલો, જેથી ઉભા ઉભા રસોઈ ન બનાવવી પડે.

મિક્સર, ગ્રાઈન્ડર, માઈક્રોવેવ જેવા યંત્રો અને ચૂલા જે સ્વાસ્થ્ય માટે, હાનિકારક પ્રક્રિયાઓ માટે કારણભૂત અને સહાયક છે.

નોનસ્ટીક, એલ્યુમિનિયમ, પ્લાસ્ટિકના વાસણો.

ઓટલો, વાસણ, કબાટો સાફ કરવા માટેના ડિટર્જન્ટ તથા જંતુનાશક દ્રવ્યો.

ઈન્સ્ટન્ટ ફૂડ માટેની સામગ્રી તથા પેકડ અને જંકફૂડ.

ભોજન શરૂ કરતાં પહેલા ભગવાનને ભોગ શા માટે ધરાવવો જોઈએ?

ભોજન આપણને પ્રકૃતિ પાસેથી મળે છે. પ્રકૃતિનો અધિષ્ઠાતા ભગવાન છે તેથી તેની કૃપાથી જ મળે છે. ભોજન કરતી વખતે ભોજન આપનાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ સારા માણસનું લક્ષણ છે. આપણા ભોજન ઉપર પહેલો અધિકાર એનો જ છે તેથી ભોજન એને સમર્પિત કરવું. એ પછી લીધેલું ભોજન ભગવાનનો પ્રસાદ ગણાય, ભગવાનનો પ્રસાદ લેવાથી આપણા મનનું આરોગ્ય જળવાઈ રહે છે.

અન્નને બ્રહ્મ શા માટે ગણવામાં આવે છે?

બ્રહ્મમાંથી જ આ અભૌતિક અને ભૌતિક સૃષ્ટિની ઉત્પતિ થઈ છે. બુદ્ધિ, મન, પ્રાણ, શરીર એ બધું એમાંથી જ બન્યું છે. આ બધાને સાચવનાર અને પોષનાર અન્ન છે. બંધારણની રીતે અન્ન અને મનુષ્યના શરીર અને પ્રાણ એક જ છે તેને ટકાવી રાખનાર અન્ન હોવાથી અન્નને બ્રહ્મ કહેવાય છે.

પહેલાના જમાનામાં બ્રાહ્મણો કોઈના હાથનું રાંધેલું ખાતા નહીં એનું કારણ શું? આજકાલ એવું કેમ કરતા નથી.

બ્રાહ્મણ શબ્દનો મૂળ અર્થ છે બ્રહ્મમાં પ્રતિષ્ઠીત. વ્યવહારિક અર્થ છે અધ્યયન અધ્યાપન કરનાર, ધ્યાન સાધના કરનાર, જગતનું અત્યંતિક હિત કરવા માટે હંમેશા પ્રયત્નશીલ રહેનાર અને લોકોને સન્માર્ગે ચાલવા માટે, મોક્ષ માર્ગે જવા માટે માર્ગદર્શન કરનાર. (ક્રમશઃ)

# હવા વગરનાં ટાયર જેવો બકો



લાગે તો તીર..



કાળુભાઇ ભાડ

હવા વગરનાં ટાયર જેવો બકો, કપાસીયાની ગુણ માફક આવીને પડયો. આવતાની સાથે જ બોસ પાંહે પૈસાની માંગણી કરી.

‘‘બોસ, ગમે-તેમ કરીને મને રૂપિયા બે લાખ આપો. મારે ઈમરજન્સી જરૂર પડી છે.’’

‘‘અરે બકા, તારી ઈમરજન્સી હજાર બે હજારની હોય. અને તું માંગે છે રૂપિયા બે લાખ..!! તારું મગજ તો ઠેકાણે છે ને.?’’

‘‘હા હા બોસ. મારું મગજ અને શરીર એકદમ ઠેકાણે છે. પણ, આ પૈસા મારે ઉત્તર પ્રદેશ મોકલવા છે. એટલે રૂપિયા બે લાખની જરૂર પડી છે.’’

‘‘બકા, યુ પી માં હમણાં કુંભમેળા દરમ્યાન સામાન્ય હોડીવાળાય ચાલીસ ચાલીસ કરોડ રૂપિયા કમાણાં છે. વેપારીઓ પણ કરોડો રૂપિયા કમાણાં છે. એમને તો પૈસાની જરૂર હમણાં ના પડે અને ચૂંટણીમાં ફંડ આપે એવો ધંધો તારી પાંહે છે નહીં. તોય ચૂંટણીને હજી વારેય છે. છતાંય તારે રૂપિયા મોકલવા છે?’’

‘‘સામાન્ય હોડીવાળા ચાલીસ કરોડ કમાણાં એવું તમને કોણે કહ્યું? તમે તો ગુજરાત મૂકીને ક્યાંય ગયાં જ નથી.’’

‘‘અરે આ છાપાંવાળા અને ટી.વી.વાળા રાત ઉજાગરા કોની હાટું કરે છે? આપણી માટે જ તો.

અને છાપાંવાળા, ટી.વી.વાળા છોડ. ઈન્કમટેકસ વાળાને‘ય ખબર પડી ગઈ, કે કુંભમેળા દરમ્યાન એક હોડીવાળો રૂપિયા ચાલીસ કરોડ કમાણો છે.

પણ ઈ બધી વાત જાવા દે. તારે ન્યાં રૂપિયા કોને મોકલવા છે? ઈ મુદ્દાની વાત કર.’’

‘‘મારે મારાં હાઢુભાઈને રૂપિયા બે લાખ મોકલવા છે.’’

બેરાલાલે માથું ખંજવાળ્યું. ‘‘તારો હાઢુભાઈ ઉત્તર પ્રદેશમાં કેવી રીતે? તું ગામડાંનો પ્યોર ગુજરાતી. અને તારો હાઢુભાઈ યુ પી વાળો ?? બોસ, મને કાંઈક લોચો લાગે છે. ક્યાંક આઈ.પી.એલ.માં હારી તો નથી ગયો ને ? કેટ- કેટલાય ગુજરાતી છોકરાઓ લાખો રૂપિયા હારીને હેઠાં બેઠાં છે. ક્યાંક તું ય...’’

‘‘જૂઓ બેરાલાલ, આઈ.પી.એલ. હારે મારે કાયમી આડવેર છે અને રહી વાત સંબંધોની. તો યુ પી માં મારો હાઢુભાઈ કેમ ના હોય!?? આવાં લોચા તો કયારનાય શરૂ થઈ ગયાં છે. કોણ કોના સંબંધી ક્યાં હોય અને ક્યાં ના હોય ? ઈ કળવું હવે મુશ્કેલ છે. હવે તો વિદેશની ગોરી મેમ ગામડામાં આવીને લગન કરે છે. ગામડાની ગોરી છોકરી ઝૂંપડીમાં જઈને રહે છે. આ મોબાઈલ આવતાં જ રાજય રાજયના અને દેશ વિદેશના સિમાડા તોડી નાખ્યાં છે. તો પછી મારો હાઢુભાઈ યુ પી માં કેમ ના હોય.’’

‘‘તારી વાત તો હાસી છે બકા. હવે આ બધું કળવું મુશ્કેલ છે. તારો હાઢુભાઈ તો શું, કાલ હવારે તારો વેવાઈ પણ યુ પી કે બિહારમાં હશે.’’

અમથાલાલે વહેવારીક વાત કરી.

‘‘હા પણ, તારાં હાઢુભાઈને અચાનક રૂપિયા બે લાખની જરૂર કેમ પડી?? દારૂ બારૂની ખેપમાં તો નથી આવી ગયાં ને ??’’

‘‘ના ના ના. એવાં દારૂ બારૂના કમઠાણ તો આપણે ગુજરાતમાં હાલ્યા કરે. તમે તમારાં ઘરે બોટલનું ઢાંકણું ખોલો તોય પોલીસને વાંધો અને તાલુકાના પોલીસ સ્ટેશનમાં ઈ પાર્ટી કરે તો વાંધો નથી. તમે મોટરસાયકલ ઉપર બે બોટલ કે આઠ દસ કોથળી લઈને નીકળો તો તરત પોલીસ પકડે. અને આખાં ને આખાં ખટારા ભરીને દારૂ પકડાય પછી ક્યાં હગેવગે થઈ જાય ઈ પોલીસવાળાને દેખાતું બંધ થઈ જાય. આવું નાનું મોટું કામ ગુજરાતમાં હાલ્યા કરે. યુ પી પોલીસ તો આપણાંથી ઘણી આગળ છે.’’

‘‘આગળ એટલે? કેમ આગળ?? એકાદ દાખલો તો આપો.’’

બોસથી હવે ના રહેવાયું.

‘‘મારો હાઢુભાઈ સીધોસાદો માણસ. થોડાંઘણાં પૈસા ખરાં. એક દિવસ બરેલી પોલીસ સ્ટેશનમાંથી બે પોલીસવાળા આવ્યાં. અને હાઢુભાઈને ગાડીમાં બેસાડી લઈ ગયાં. ઈનચાર્જ PSI બલવિર સિંહ પટ્ટો લઈને મંડી પડ્યો. ગુનો કબૂલ કર. ગુનો કબૂલ કર. હાઢુભાઈ બોલતો રહ્યો. મેં કાંઈ કર્યું જ નથી. મેં કાંઈ કર્યું જ નથી. આવાં તો આઠ દસ એક હારે ઉપાડયા ’તા.છેવટે વાત આવી પતાવટ કરવાની. હવે તમે જ કહો. ઓલી કહેવત નથી? સગપણમાં સાઢુ ને જમણમાં લાડું. તો પછી આવાં ટાઈમે એની હારે ઊભાં રહેવું જોઈએ કે નહીં!??’’

અમથાલાલે કહ્યું. ‘‘યુ પી માં તો યોગીની ધાક વાગે છે. એમણે કાંઈ કર્યું કે નહીં?’’ ‘‘એરે, યોગી તો કરતાં કરશે. પેલાં ઉપરી સાહેબ સુધી આ વાત પુગી. તો આવું રેકેટ તો ઘણાં સમયથી હાલતું હતું. પોલીસવાળાને કાંઈક કામ તો જોઈએ ને. એમણે આ નવું કામ શોધી કાઢ્યું. થોડા ઘણાં પૈસા વાળા, સીધાં સાદા માણસને ગોતવાનો, એને ઉપાડી લેવાનો, ખોટા આક્ષેપ કરીને ધમકાવવાનો પછી છોડવા માટે પૈસાનો તોડ કરવાનો અને છોડી મૂકવાનો.’’ ‘‘પછી ઉપરી સાહેબ એમાં ભળી ગયાં? કે કોઈ એક્શન લીધી ??’’ ‘‘એમણે તો આખીને આખી પોલીસ ચોકી જ બરખાસ્ત કરી નાખી.

હવે પોલીસવાળા ય પસ્તાય છે. મરઘી રોજ સવારે એક સોનાનું ઈંડું આપતી હતી. એ બરોબર હતું. પેટ ચીરીને એકહારે ઈંડા ના કઢાય..!!!’’

kalubhaibhad123@gmail.com

# ચાલો સુપેડી...પશ્ચિમાભિમુખ કૃષ્ણના દર્શને



પ્રવાસ નામા



જયસ્વી પટેલ

સૌરાષ્ટ્રની ભૂમિ એટલે સંત-સુરાની ભૂમિ. આવા સૌરાષ્ટ્રમાં અનેક ઐતિહાસિક મંદિર આવેલાં છે, જેમાં હિન્દુ સંસ્કૃતિનો વારસો ગણાતા મંદિરોમાં એક મંદિર છે..ભગવાન શ્રી કૃષ્ણનું. જે રાજકોટના ધોરાજી તાલુકાના સુપેડી ગામમાં આવેલુ છે. આ મંદિરની ખાસિયત એ છે કે, અહીં પશ્ચિમ મુખે બિરાજમાન પ્રભુ મુરલી મનોહરના દર્શન થાય છે.

સામાન્ય રીતે દરેક મંદિરમાં દેવ-દેવીની મૂર્તિ ઉગમણી એટલે કે પૂર્વ દિશામાં જોવા મળે છે. જ્યારે દ્વારકા અને ડાકોરનાં મંદિરમાં બિરાજમાન ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ પશ્ચિમાભિમુખ એટલે કે, આથમણી દિશા ભણી મુખ કરીને બિરાજમાન છે. ત્યારે આવું જ એક મંદિર સુપેડીમાં જોવા મળ્યું છે. આ મંદિરમાં બિરાજમાન ભગવાન શ્રી કૃષ્ણની મૂર્તિ પશ્ચિમાભિમુખે બિરાજમાન છે. અહીં આવતા દરેક ભક્તની મનોકામના પૂરી થતી હોઈ, મંદિર ભક્તોની આસ્થાનું કેન્દ્ર બની ચૂક્યું છે.

ઉતાવળી નદીના કાંઠે સુપેડીમાં આવેલુ મુરલી મનોહરનું આ મંદિર ઔલોકિક અને સુંદર છે. ત્રણ નદીના સંગમ સ્થાન એવા ત્રિવેણી સંગમ પર આવેલા મુરલી મનોહર મંદિરમાં પ્રવેશતા જ અલૌકિક અનુભૂતિ થાય છે. અહીંનો સુંદર ઈતિહાસ ધરાવતું મુરલી મનોહર મંદિર અને તેની આસપાસનું કુદરતી વાતાવરણ તમારા મનને અચૂક મોહી લેશે.

મુરલી મનોહરના આ મંદિરમાં અન્ય ૧૦ જેટલા દેવ-દેવી પણ બિરાજમાન છે. આ મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણની તમામ બાલ્યાવસ્થાની વિવિધ મૂર્તિઓ પણ બિરાજમાન છે. મંદિરની આસપાસના વિસ્તારના ભૂખ્યાં કે ગરીબ લોકો માટે અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. અહીં ભક્તો ગર્ભગૃહની અંદર જઈ ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કરી શકે છે અને ભગવાન શ્રીકૃષ્ણને કાલાવાલા કરી શકે છે. આ મંદિરમાં મહિલાઓ સત્સંગની સાથોસાથ ભગવાનની ભક્તિ અને શ્રીકૃષ્ણને પ્રિય એવા રાસ રમી ગીત ગાતાં-ગાતાં ભક્તિ કરે છે.

મંદિરની લોકવાયકા અનુસાર, મંદિર હજારો વર્ષ પ્રાચીન છે, જેની કોતરણી પણ અદ્ભુત છે. કહેવાય છે કે, અહીંના બે મંદિર બે ભાઇઓએ બનાવ્યાં છે. જેમાં એક ભગવાન શ્રીકૃષ્ણનું મંદિર અને બીજું ભગવાન શંકરનું મંદિર બનાવ્યું છે. આ બંને ભાઈએ જ્યારે આ મંદિર બનાવ્યાં ત્યારે બંને મંદિરના ચાલતાં કામની વચ્ચે પડદો રાખવામાં આવ્યો હતો. એટલે એકબીજાના મંદિરની કલા-કારીગરી જોયા વગર બંને ભાઈના મંદિર એક સરખાં અને એક સરખી કોતરણીવાળાં બન્યાં હોવાની પણ લોકવાયકા અહીં સાંભળવા મળે છે.

લોકવાયકા મુજબ માણાવદર પાસેના એક ગામના કૂવામાંથી લક્ષ્મીજી અવતરિત થયા હતા. કૂવામાંથી અખૂટ ધનનો ભંડાર હતો પણ સંત તો સંત હોય છે તેઓ ત્યાંથી નીકળી ગયા. લક્ષ્મીજી પણ તેમની પાછળ-પાછળ સુપેડી આવ્યા. સાથે લક્ષ્મીજી હોવાથી સંતે ગામના બે ભાઈને મંદિર બનાવવા કહ્યું, જેથી બંને ભાઈએ એકસાથે મંદિરનું નિર્માણ કરાવ્યું અને બંને મંદિર વચ્ચે પડદો રાખી અલગ-અલગ મંદિર બનાવ્યાં, પણ જ્યારે પડદો હટ્યો ત્યારે જોયું તો બંને મંદિર એકસરખાં જ બન્યા હતા. એ પછી એમને જોડીને મુખ્ય મંદિર બનાવ્યું હતું.

મહાભારતકાળમાં પાંડવો વનવાસ દરમિયાન સુપેડીથી નીકળી, ઉતાવળી નદીના કિનારે રહ્યા બાદ તેમણે પાંચ શિવલિંગની સ્થાપના કરી હતી. જે આજે પણ હયાત હોવાનું મનાય છે. તેમની સાથે શ્રીકૃષ્ણ પણ સુપેડી આવતા, અહીં મુખ્ય મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણ પણ બિરાજમાન છે. મુખ્ય મંદિર શ્રીકૃષ્ણનું એટલે કે મુરલી મનોહરનું છે અને તેમાં તેમનું બાળ સ્વરૂપ પણ છે. તેમની સાથે શક્તિ સ્વરૂપ કે જેને ગામવાસીઓ રાધા માને છે અને રુક્મિણી પણ માને છે એમ મંદિરમાં ત્રણેય સાથે બિરાજમાન છે. મુરલી મનોહરનું વાહન ગરુડ દેવ પણ છે. શિવજી, શ્રીરામ, હનુમાન જેવા દેવ-દેવીના મંદિર પણ છે.

સુપેડીના મુરલી મનોહર મંદિરમાં દસ જેટલા દેવ-દેવી બિરાજમાન છે. ભાવિક ભક્તો અને શ્રદ્ધાળુઓ આ મંદિર પર ધજા ચઢાવવા આવે છે. આ મંદિરની આસપાસના વિસ્તારના કોઈ પણ ભૂખ્યાં કે ગરીબ લોકોને ભોજન મળી રહે તે માટે અન્નક્ષેત્રની સુવિધા પણ ચલાવવામાં આવે છે ત્યારે અહીં હરિ અને હર એટલે હરિ એટલે કૃષ્ણ અને હર એટલે મહાદેવ એમ બંને દેવતા એક સાથે બિરાજમાન હોય તેવું સમગ્ર ભારતમાં કદાચ આ એક જ મંદિર હશે તેવું મનાય છે.

પુષ્ટિ સંપ્રદાયની પરંપરાથી ચાલતા આ મંદિરમાં વૈષ્ણવો પણ આવીને જે ઝાંખી કરે છે તે અલૌકિક અનુભવ કરાવી જાય છે. ભક્તો પોતાની મનોકામના પૂરી કરવા માત્ર ફળ સંકલ્પ કરે છે, જ્યારે શ્રદ્ધાળુની મનોકામના પૂરી થાય ત્યારે તે કોઈપણ ફળ લાવીને મુરલી મનોહરના ચરણોમાં ધરે છે અને ભગવાનના આશીર્વાદ લે છે.

મંદિરના પૂજારીના જણાવ્યાનુસાર, અહીં આવતા ભક્તો સિઝનેબલ ફળની માનતા રાખી, જે-તે સિઝનના કોઈપણ ફ્રૂટ ભગવાન શ્રીકૃષ્ણને ચડાવે છે અને પોતાની માનતા પૂરી કરવા માટે આવે છે. મુરલી મનોહર મંદિરમાં અનેક મનોરથ તેમજ ઉત્સવો ધામધૂમથી અને હોંશે-હોંશે ઊજવાય છે.

sanjogpurti@gmail.com



# જલ્લેબી રે જલ્લેબી !

રે વાર્તા!



મનીષ સુથાર

એક હતી કીટ્ટુ કીડી. ચંચળ અને ચપળ. જરાય જંપ નહિ. આમ જાય, તેમ જાય. આમ દોડે, તેમ દોડે. આ ઘેરથી પેલે ઘેર. ઝટપટ ઝટપટ ચાલે ને દડબડ દડબડ દોડે. બેસે નહિ ને બેસવા દે નહિ.

એક વખત કીટ્ટુ આમતેમ દોડતી હતી. એવામાં એને એના મનગમતા ખોરાકની ગંધ આવી. કીટ્ટુને થયું, ‘વાહ! લાગે છે આજે કંઈક અલગ જમવાનું મળવાનું છે! લાવ, જોઉં તો ખરી કે પેલાં મીન્ટુ માસી શું લાવ્યાં છે.‘ એમ વિચારતી વિચારતી કીટ્ટુ છેક રસોડા સુધી પહોંચી ગઈ. રસોડા પર એક બોક્સ પડ્યું હતું. એમાંથી જ પેલી સરસ મજાની મીઠી મીઠી ગંધ આવતી હતી. કીટ્ટુના મોંમાં પાણી આવી ગયું. પણ એ બૉક્સ બંધ હતું. અંદર પહોંચવું કઈ રીતે! કીટ્ટુ બૉક્સ પર ચઢી ગઈ. આજુ-બાજુ, ઉપર-નીચે બધે ફરી વળી. પણ બૉક્સ બરોબર ફીટ હતું. ક્યાંયથી અંદર જવાય એવી જગ્યા ન હતી. કીટ્ટુએ ઘણા પ્રયત્નો કર્યા. આખરે તે સફળ થઈ ખરી. જેમતેમ કરી એક ખુબ નાનકડી જગ્યામાંથી કીટ્ટુ બોક્સની અંદર પહોંચી ગઈ.

અંદર પહોંચતાં જ કીટ્ટુએ જોયું કે એમાં તો જલેબી હતી. મીઠી મીઠી જલેબીનો ભંડાર જોઈ કીટ્ટુ રાજીરાજી થઈ ગઈ. એને થયું, ‘આજે તો પાર્ટી મળી પાર્ટી! આટલી બધી જલેબીનો ખજાનો!

જલ્લેબી રે જલ્લેબી!
ગોળગોળ જલ્લેબી!
જલ્લેબી રે જલ્લેબી!
મીઠ્ઠી મીઠ્ઠી જલ્લેબી!

મારી સહેલીઓને હમણાં જ બોલાવી લઉં. પણ લાવને પહેલાં થોડી ચાખી લઉં!‘ એમ વિચારી કીટ્ટુએ મીઠી મીઠી જલેબીનો સ્વાદ માણવાનું શરૂ કર્યું. એટલામાં બૉક્સ હલ્યું. કીટ્ટુને થયું નક્કી કોઈક આવી ગયું લાગે છે. લાવ સંતાઈ જાઉં. એમ વિચારી તે જલેબી વચ્ચે છૂપાઈ ગઈ.

થોડીવારમાં બૉક્સ હલતું બંધ થયું. કીટ્ટુને થયું, ‘હાશ! બચી ગઈ!‘ એમ વિચારી કીટ્ટુએ ફરીથી જલેબી ખાવાનું શરૂ કર્યું. કીટ્ટુ બરાબર જલેબી ખાવામાં મસ્ત હતી. થોડીવારમાં કીટ્ટુને ઠંડી લાગવા માંડી. ધીરેધીરે ઠંડક વધતી જતી હતી. કીટ્ટુને થયું, ‘નક્કી આ મીન્ટુ માસીએ બૉક્સને ફ્રીઝમાં મૂકી દીધું લાગે છે. હાયહાય! હવે હું ઠરી જઈશ. હવે અહીંથી જલદી બહાર નીકળવું પડશે. નહિ તો થોડીવારમાં ઠરીને ઠૂસ થઈ જઈશ.‘ એમ વિચારી કીટ્ટુ ફ્રીઝમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધવા લાગી.

તે ચપળ અને ચબરાક હતી. ધીરેધીરે તે છેક ફ્રીઝના બારણા પાસે આવી ને લપાઈ ગઈ. મીન્ટુ માસીએ જેવું બારણું ખોલ્યું તે ઝટપટ ઝટપટ બહાર નીકળી ગઈ. કીટ્ટુ તો ભાગી! દોડતી જાય ને ગાતી જાય!

જલ્લેબી રે જલ્લેબી!
ગોળગોળ જલ્લેબી!
જલ્લેબી રે જલ્લેબી!
મીઠ્ઠી મીઠ્ઠી જલ્લેબી!

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ “ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ચિતલમાં પહેલગામના શહીદોને શ્રધ્ધાંજલિ આપવા કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૯

ચિતલ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ચિતલ સ્વામિનારાયણ ગુરુકુળમાં કાશ્મીરના પહેલગામમાં ધર્મના આધાર પર નિર્દોષ પ્રવાસીઓ ઉપર કરવામાં આવેલ કાયરતાપૂર્વકના હુમલામાં અનેક નિર્દોષ લોકો શહીદ થયા હતા. આ દુઃખદ ઘટનામાં શહીદોને શ્રધ્ધાંજલિ આપવા મોટી સંખ્યામાં ચિતલ જણવંતગઢના ગ્રામજનો તથા આગેવાનોએ ઉપસ્થિત રહી રામધૂન, પ્રાર્થના તથા મૌન પાળી શહીદોને પુષ્પાંજલિ અર્પિત કરી, શ્રધ્ધાંજલિ આપી હતી. ઘટનાના વિરોધમાં પાકિસ્તાન તથા આતંકવાદ સામે કડક કાર્યવાહી કરવા માટે આગેવાનો દ્વારા અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઈતેશભાઈ મહેતા, પ્રમુખ વિ.હિ.પ. તથા વિજયભાઈ દેસાઈ, ઉપાધ્યક્ષ વિ.હિ.પ. તથા ડૉ. પંકજભાઈ ત્રિવેદી જિલ્લા કોષાધ્યક્ષ, ગુરુકુળના મદનમોદન





સ્વામીજી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, કાળુભાઈ ધામી, મનસુખભાઈ નાડોદા તથા જિલ્લા વિ.હિ.પ.ના દિલીપસિંહ પરમાર, મહેશભાઈ જળુ, લાલભાઈ ટાંક, બિપીનભાઈ ઉનાગર, રઘુભાઈ સરવૈયા, રમેશભાઈ સોરઠીયા, સંજયભાઈ લીંબાસીયા, વી.ડી. લીંબાસીયા, બિપીનભાઈ દવે, સુખદેવસિંહ સરવૈયા, જયંતીભાઈ દેસાઈ, વિપુલભાઈ જોષી, પ્રવિણભાઈ તેરવાડીયા, રવજીભાઈ મકવાણા, હસુભાઈ ધાનાણી, સુરેશભાઈ તળાવીયા, મનુભાઈ અસલાલીયા, જેકી માંગરોળીયા, મનસુખભાઈ માંગરોળીયા, વિનુભાઈ દેસાઈ, સુરજભાઈ પરમાર, જયેશભાઈ ભીમાણી, દિનેશભાઈ કચ્છી, ચંદ્રેશભાઈ કચ્છી, શંકરભાઈ પટેલ, જગુભાઈ મોદી, ભાનુભાઈ રાતડીયા, કિરણભાઈ રાતડીયા, મહેશભાઈ વાળા, દાઉદી વોરા સમાજમાંથી મોહિજભાઈ ભારમલ, રજબભાઈ, શાંતિભાઈ ધંધુકીયા, નાગજીભાઈ ધંધુકીયા, રાકેશભાઈ પંડયા, પ્રતિકભાઈ દાવડા, કલ્પેશભાઈ સંઘાણી, આશિષભાઈ હિરાણી, પ્રવિણભાઈ ડાભી, લાભુભાઈ ચિત્રોડા, વલ્લભભાઈ મેશીયા, હરિભાઈ દેસાઈ, વરુણભાઈ પરમાર, અરવિંદભાઈ મેશીયા, નંદાભાઈ મેશીયા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ચિતલ-જશવંતગઢ વિશ્વ હિન્દુ પરિષદ જિલ્લા ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, રમેશભાઈ સોરઠીયા, સંજયભાઈ લીંબાસીયા તથા સમગ્ર ટીમે કર્યુ હતું. આ કાર્યક્રમનું સંચાલન જિલ્લા ભાજપ આગેવાન મનસુખભાઈ નાડોદા દ્વારા કરવામાં આવ્યું હતું.

## એકતા જરૂરી છે ત્યારે સંસદના બંને ગૃહોનું વિશેષ સત્ર વહેલું બોલાવો : મલ્લિકાર્જુન ખડગેનો મોદીને પત્ર

નવીદિલ્હી,તા.૨૯

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને નિર્દોષ લોકોની ક્રૂર હત્યાને કારણે સમગ્ર દેશમાં ગુસ્સો ભભૂકી રહ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને ખાસ સત્ર બોલાવવાની માંગ કરી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદીને લખેલા પત્રમાં કહ્યું છે કે- 'આ સમયે, જ્યારે એકતા જરૂરી છે, ત્યારે વિપક્ષ માને છે કે સંસદના બંને ગૃહોનું વિશેષ સત્ર શક્ય તેટલી વહેલી તકે બોલાવવું જોઈએ. આ ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ પહેલગામમાં નિર્દોષ નાગરિકો પર થયેલા ક્રૂર આતંકવાદી હુમલાનો સામનો કરવા માટે આપણા સામૂહિક સંકલ્પ માટે સત્ર બોલાવવામાં આવશે', તેમણે કહ્યું.

## પ્રતિભા, સ્વભાવ અને ટેકનોલોજીની ત્રિમૂર્તિ ભારતનું ભવિષ્ય બદલી નાખશે : પીએમ મોદી

નવીદિલ્હી,તા.૨૯



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે દેશના નવીનતા ઈકોસિસ્ટમમાં રોકાણને વેગ આપવાના હેતુથી YUGM સમિટનો પ્રારંભ કરાવ્યો હતો. રાષ્ટ્રીય રાજધાનીના ભારત મંડપમ ખાતે પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પરિષદ તેના પ્રકારની પ્રથમ મહત્વપૂર્ણ નીતિ પરિષદ છે. તેમાં સરકાર, શૈક્ષણિક ક્ષેત્ર, ઉદ્યોગ અને નવીનતા ઈકોસિસ્ટમના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હાજરી આપી રહ્યા છે.

આ દરમિયાન પીએમ મોદીએ મહાનુભાવોને સંબોધિત કર્યા હતા. YUGM ઈનોવેશન કોન્ક્લેવ ૨૦૨૫ને સંબોધતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે પ્રતિભા, સ્વભાવ અને ટેકનોલોજીની ત્રિમૂર્તિ ભારતનું ભવિષ્ય બદલી નાખશે. આ માટે, અમે ભારતના બાળકોને તેમના બાળપણમાં જ એક મહત્વપૂર્ણ પોસ્ટર આપી રહ્યા છીએ. વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે અમે આગામી ૨૫ વર્ષની સમયમર્યાદા નક્કી કરી છે. આપણી પાસે સમય મર્યાદિત છે અને આપણા લક્ષ્યો મોટા છે. તેથી, એ મહત્વનું છે કે પ્રોટોટાઈપથી ઉત્પાદન સુધીના આપણા વિચારની સફર પણ શક્ય તેટલા ઓછા સમયમાં પૂર્ણ થાય.આ પહેલા પીએમ મોદીએ કહ્યું હતું કે આજે સરકાર, એકેડેમી, વિજ્ઞાન અને સંશોધન સાથે સંબંધિત વિવિધ ક્ષેત્રોના લોકો અહીં આટલી મોટી સંખ્યામાં હાજર છે. મને વિશ્વાસ છે કે આ કાર્યક્રમ ભારતની નવીનતા, ક્ષમતા અને ડીપ ટેકમાં ભારતની ભૂમિકાને વધારવાના અમારા પ્રયાસોને વેગ આપશે.

## ટીંબી હોસ્પિટલને મળ્યું ૧૧ લાખનું દાન, કેન્સર વિભાગ કરવાની તૈયારી શરૂ



ટીંબી,તા.૨૯

ભાવનગર જિલ્લાના ટીંબી ખાતે આવેલી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલને રાજકોટના જાણીતા કેન્સર સર્જન ડોક્ટર મનોજ મહેતા અને મુંબઈના રાજનભાઈ મથુરિયા તરફથી રૂપિયા ૧૧,૦૪,૦૦૦નું ઉદાર અનુદાન પ્રાપ્ત થયું છે. હોસ્પિટલના ટ્રસ્ટી મંડળે ડો. મનોજ મહેતા અને તેમના પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

## નાઈજીરીયામાં બે વાહનોમાં થયેલા વિસ્ફોટમાં ૨૬ લોકો આગમાં ભૂંજાયા

(એચ.એસ.એલ),બોર્નો,તા.૨૯

ભારત સહિત વિશ્વભરના ઘણા દેશો સતત આતંકવાદી હુમલાઓનો સામનો કરી રહ્યા છે. આ આતંકવાદી હુમલાઓમાં મોટી સંખ્યામાં લોકો મૃત્યુ પામતા રહે છે. ભારતના જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. તે જ સમયે, આફ્રિકન દેશ નાઈજીરીયામાં પણ એક મોટો આતંકવાદી હુમલો થયો છે. આતંકવાદીઓએ બે બોમ્બ વિસ્ફોટ કર્યા જેમાં બે ડઝનથી વધુ લોકોના મોત થયાના અહેવાલ છે.



અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, બોમ્બ વિસ્ફોટના રૂપમાં આ ભયાનક આતંકવાદી હુમલો સોમવારે નાઈજીરીયાના ઉત્તરપૂર્વીય બોર્નો રાજ્યમાં થયો હતો. તપાસમાં જાણવા મળ્યું કે આતંકવાદીઓએ બે વાહનોમાં વિસ્ફોટ કર્યા હતા. વિદેશી નાગરિકોને સુરક્ષા પૂરી પાડતી આંતરરાષ્ટ્રીય સુરક્ષા સંસ્થાએ માહિતી આપી છે કે આ વિસ્ફોટોમાં ઓછામાં ઓછા ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. માહિતી અનુસાર, બોર્નો રાજ્ય ઈસ્લામિક ઉગ્રવાદનો ગઢ છે.

## રાજકોટ પાસે ક્રિકેટનો મહાકુંભ: ૩૦ એપ્રિલથી ખોડલધામ યુવા સમિતિ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

રાજકોટ,તા.૨૯

શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા ૩૦ એપ્રિલ થી ૮ મે સુધી રાજકોટ નજીક આવેલા પાળ ગામના એસજી ક્રિકેટ કલબ ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. સમિતિ આયોજિત સૌપ્રથમ શ્રી ખોડલધામ યુવા પ્રિમિયર લીગ (KYPL)માં ગુજરાતભરમાંથી ૩૨ ટીમો સહભાગી થશે અને આ તમામ ટીમો વચ્ચે ૯ દિવસ સુધી ક્રિકેટનો જંગ જામશે. સમાજના યુવાનોનું સંગઠન મજબૂત બને, ભાઈચારો વધે અને યુવાનોના કૌશલ્યને વેગ આપવાના



ઉદ્દેશથી આ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. અખાત્રીજના દિવસે સાંજે ૬ કલાકે પાળ ગામે ટુર્નામેન્ટનો પ્રારંભ થશે. જેમાં ઉદ્ઘાટક તરીકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સમારંભના અધ્યક્ષ તરીકે ભારત સરકારના કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના રાજકીય-સામાજિક આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે. સમગ્ર ટુર્નામેન્ટમાં સ્પોન્સરશિપ અને મેચ ફીમાંથી જે રકમ વધશે તે આખા વર્ષ દરમિયાન થતા સમાજ સેવાના કાર્યોમાં ઉપયોગમાં લેવાશે.

## આતંકવાદી હુમલા બાદ હિન્દુઓને જાગૃત કરવા ડો.જી.જે.ગજેરાનો હુંકાર

**અમરેલીમાં સંવેદનશીલ વિસ્તારોમાં દસ્તાવેજી પુરાવાઓ તપાસવા પોલીસ તંત્રને ચેતવણી**

અમરેલી, તા.૨૯

ગત તા.૨૨નાં રોજ જમ્મુ કાશ્મીરનાં પહેલગામમાં આતંકવાદીઓએ ધર્મ પૂછીને ૨૬ હિન્દુઓની નિર્મમ હત્યા કરતા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતનાં અધ્યક્ષ ડો. જી.જે. ગજેરાએ રોષ સાથે હિન્દુઓને જાગૃત કરવા હુંકાર કર્યો છે. ડો.ગજેરાએ સરકારને અપીલ કરી છે કે, હિન્દુઓની હત્યા નિપજાવનાર આતંકવાદીઓને કડકમાં કડક સજા મળે અને આ બાબતે હવે હિન્દુ સમાજે પણ જાગૃત થવાની જરૂર છે. હિન્દુ સમાજમાં કોઈ આતંકવાદી નથી. આજે સામાજીક એકતાની અને ભાઈચારાની દંભી વાતો કરનારાથી સાવચેત રહેવા અપીલ કરી હતી. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ બિનરાજકીય અને વિશ્વનું સૌથી મોટું હિન્દુત્વ સંગઠન છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદને કોઈ વાહ વાહની જરૂર નથી. અમરેલી જિલ્લામાંથી લવજેહાદમાં જેટલી દીકરીઓ ફસાયેલી છે જો ભાઈચારાની ભાવના હોત તો દીકરીઓ પાછી લાવીને વાલીઓને આપી દીધી હોત. જો ભાઈચારાની ભાવના હોત તો એનઆરસીનાં વિરોધ વખતે કેમ હિન્દુ રાષ્ટ્રને સહકાર ન આપ્યો ? અમરેલી જિલ્લા પોલીસને પણ ચેતવણી આપતા ડો.ગજેરાએ જણાવ્યું હતું કે, સંવેદનશીલ વિસ્તારોમાં ઘરે ઘરે જઈ દસ્તાવેજી પુરાવાઓની કેમ ખરાઈ કરવામાં આવતી નથી ? પોલીસ તંત્રની ટ્રાફિક સમસ્યા, લેન્ડગ્રેબિંગ, જાહેર રસ્તાઓ પર ફેરીયા, રેંકડી, રીક્ષાવાળાઓની દાદાગીરી પર તંત્ર કયારે પગલા લેશે ? અનેકવાર પોલીસને રજૂઆત કરવા છતાં રસ્તા પરની ટ્રાફિક સમસ્યા દૂર થઈ નથી. આવી તમામ પરિસ્થિતિઓ સામે હિન્દુઓએ જાગૃત થઈ રસ્તા પર આવવાની તૈયારી રાખવી પડશે. ગુજરાતમાં અનેક બાંગ્લાદેશીઓ સ્લીપર સેલ સાથે જોડાયેલા છે. ત્યારે તેઓ બંગાળનાં નકલી દસ્તાવેજનાં આધારે જિલ્લા અને તાલુકામાં રહે છે. તો તેઓ સામે કડક કાર્યવાહી કરવા ડો. જી.જે. ગજેરાએ અંતમાં જણાવ્યું હતું.

## ધોરાજી-જેતપુર હાઈવે પર ગમખ્વાર અકસ્માત, બે વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ

ધોરાજી,તા.૨૯

ધોરાજી નજીક જેતપુર રોડ પર નેશનલ હાઈવે અને મોટા ગુંદાળા પાસે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ધોરાજીથી રાજકોટ તરફ જઈ રહેલી એક ફોરવ્હીલ કારને પૂરઝડપે આવતા ડમ્પરે ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કાર ડિવાઈડર સાથે અથડાઈને ડિવાઈડરની જાળી સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ



ડમ્પરચાલક ત્યાંથી નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના અંગે પોલીસે તપાસ શરૂ કરી છે અને ડમ્પરચાલકની શોધખોળ ચાલુ છે. અકસ્માતના પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે ડમ્પર ચાલક કારને ટક્કર મારીને તરત જ ભાગી ગયો હતો.

**નામ બદલાવેલ છે**

હું આથી જાહેર કરનાર, <u>ચૌહાણ મન્નાન પરવેઝભાઈ</u> મારૂ જૂનું નામ <u>ચૌહાણ મન્નાન પરવેઝ</u> થી બદલીને નવું નામ <u>ચૌહાણ મન્નાન પરવેઝભાઈ</u> કરવામાં આવ્યું છે. તેથી હું <u>ચૌહાણ મન્નાન પરવેઝભાઈ</u> તરીકે ઓળખાવ છુ.

**સહી : ચૌહાણ મન્નાન પરવેઝભાઈ**

સરનામું : ગાંધી પાર્ક સોસાયટી, તારવાડી રોડ, દરજી જ્ઞાતિની વાડીની બાજુમાં અમરેલી - ૩૬૫૬૦૧

**નામ બદલાવેલ છે**

હું આથી જાહેર કરનાર, <u>ચૌહાણ પરવેઝભાઈ ગફારભાઈ</u> મારૂ જૂનું નામ <u>ચૌહાણ પરવેઝ ગફારભાઈ</u> થી બદલીને નવું નામ <u>ચૌહાણ પરવેઝભાઈ ગફારભાઈ</u> કરવામાં આવ્યું છે. તેથી હું <u>ચૌહાણ પરવેઝભાઈ ગફારભાઈ</u> તરીકે ઓળખાવ છુ.

**સહી : ચૌહાણ પરવેઝભાઈ ગફારભાઈ**

સરનામું : ગાંધી પાર્ક સોસાયટી, તારવાડી રોડ, દરજી જ્ઞાતિની વાડીની બાજુમાં અમરેલી - ૩૬૫૬૦૧

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૧૮/૨૦૨૫ તા.૨૮/૦૪/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. મસરાણી વ્રજલાલ ભીમજીભાઈ
રહે. વિજપડી તા.સાવરકુંડાલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી વિજપડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર રજનીકાંત વ્રજલાલ મસરાણીનો જન્મ તા.૦૩/૦૯/૧૯૭૫ ના રોજ મુ.વિજપડી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## ગીરગઢડાના બેડિયા ખાતે ગેરકાયદે ખનીજનું વહન કરતા ઈસમો ઝડપાયા

ગીર સોમનાથ,તા.૨૯

ગીર સોમનાથ જિલ્લામાં ખનીજ ચોરો પર ધોંસ બોલાવાઈ રહી છે. ગીરગઢડા મામલતદાર કચેરીના સ્ટાફ દ્વારા બેડિયા ગામેથી મંજૂરી વગર ગેરકાયદે ખનીજનું વહન કરતાં ઈસમોને ઝડપી પાડ્યાં હતા. ગામ નજીક દેસુરભાઈ ભેડાની માલિકીની જમીનમાંથી કોઈપણ પ્રકારની લીઝ રોયલ્ટીની પરમીટ વગર ગેરકાયદે રીતે જે.સી.બી. તથા બે ટ્રેકટર દ્વારા હાર્ડ મોરમ ખનીજનું ખનન તથા વહન થતું હોવાનું જણાયું હતું. આથી રેઈડ કરતાં ગેરરીતિ જણાઈ હતી. ખનીજ ચોરીમાં હાર્ડ



તસ્વીર : કૈલાશ ભટ્ટ

મોરમ ભરેલાં ટ્રેકટર (નં. જીજે-૧૩-એમ-૪૬૩૬) માલિક શામજીભાઈ ડાયાભાઈ વાણીયા તથા અન્ય ટ્રેકટર (નં. જીજે-૧૪-ઈ-૯૮૨૪)ના માલિક નાગજીભાઈ ડાયાભાઈ વાણીયાને પકડી વાહનો જપ્ત કર્યા હતાં. આ રેઈડ દરમિયાન જે.સી.બી.નો ડ્રાઈવર ચાવી લઈ જે.સી.બી. સ્થળ પર જ મૂકી ફરાર થઈ ગયો હતો. જેથી અન્ય ડ્રાઈવરની વ્યવસ્થા કરી, આ જે.સી.બી. કબજે લેવામાં આવ્યું છે. આગળની કાર્યવાહીમાં તંત્ર દ્વારા આ જે.સી.બી.નાં માલિક/ઓપરેટરને રૂબરૂ હાજર થવા સમન્સ પાઠવવામાં આવશે. ખનીજ ચોરીમાં ઉપયોગમાં લેવાયેલ વાહનો જપ્ત કરી ભુસ્તરશાસ્ત્રી, ખાણ ખનીજ ખાતા દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મે મહિનાના પ્રથમ સપ્તાહમાં કમોસમી વરસાદ વરસશે : ત્રણ હવામાન નિષ્ણાતોની આગાહી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૯



હાલ રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. રાજ્યના ૧૦ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું છે. રાજકોટમાં તો ગરમીએ ૧૩૩ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. બીજી બાજુ, રાજ્યના ૪ જિલ્લામાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

જોકે, ધગધગતા હવામાન વચ્ચે હવામાન નિષ્ણાતો દ્વારા વાતાવરણમાં પલટાની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ, પરેશ ગોસ્વામી અને અથ્રેયા શેટ્ટી દ્વારા મે મહિનાના પહેલા અઠવાડિયામાં માવઠાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન નિષ્ણાત અથ્રેયા શેટ્ટીના અનુમાન અનુસાર, ગુજરાતમાં માવઠાની સંભાવના છે. શુક્રવારથી રાજ્યમાં માવઠાની સંભાવના છે. ૨ અને ૩ મેએ ઉત્તર ગુજરાતમાં માવઠાની સંભાવના છે. ૩ મે બાદ આખા રાજ્યમાં છૂટાછવાયા વરસાદની સંભાવના છે. ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ થશે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, મે મહિનાના પ્રથમ અઠવાડિયામાં કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં પડી શકે છે. ઊંચા તાપમાનને કારણે અમુક વિસ્તારોમાં લોકલ સિસ્ટમ બનશે.

# ગુજરાતના પૂર્વ IAS અધિકારી અને અન્ય લોકો સામે ઈડીની કાર્યવાહી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૯



એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ જણાવ્યું હતું કે તેણે ગુજરાતના ભૂતપૂર્વ આઈએએસ અધિકારી પ્રદીપ શર્મા અને કેટલાક અન્ય લોકો સામે મની લોન્ડરિંગ તપાસના ભાગ રૂપે લગભગ ૬ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. એક નિવેદનમાં, તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે ૨૫ એપ્રિલના રોજ, ગુજરાતના ભૂજ અને કચ્છમાં સ્થિત પ્લોટ જપ્ત કરવા માટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ એક કામચલાઉ આદેશ જારી કરવામાં આવ્યો હતો. મની લોન્ડરિંગનો આ કેસ ગુજરાત પોલીસ ક્રાઈમ બ્રાન્ચ (ભુજ) દ્વારા શર્મા અને સંજય શાહ નામના એક વ્યક્તિ અને કેટલાક અન્ય લોકો સામે છેતરપિંડી અને ગુનાહિત વિશ્વાસ ભંગના આરોપસર નોંધાયેલી એફઆઈઆર સાથે સંબંધિત છે. ઈડીએ આરોપ લગાવ્યો હતો કે શર્માએ અન્ય મહેસૂલ અધિકારીઓ સાથે મળીને ગુજરાતના ભુજના જિલ્લા કલેક્ટર તરીકેના પદનો દુરુપયોગ કરીને અને ગેરકાયદેસર રીતે સરકારી જમીન ફાળવીને છેતરપિંડી કરી હતી. ઈડીએ જણાવ્યું હતું કે તેમણે વિવિધ સરકારી નિયમોની અવગણના કરી અને શાહને ગેરકાયદેસર રીતે જમીન ફાળવી, જેના કારણે ગુજરાત સરકારને અનુચિત નુકસાન થયું હતું. શાહે પાછળથી તે જમીન પર રહેણાંક પ્લોટ વિકસાવ્યા અને ગુનામાંથી કમાણી કરી. ઈડી અનુસાર, જપ્ત કરાયેલી મિલકતોની કિંમત ૫.૯૨ કરોડ રૂપિયા છે.

# ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી ગોધરા ખાતે કરવામાં આવશે

(એચ.એસ.એલ),ગોધરા,તા.૨૯

આગામી ૧ મે, ગુજરાત સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવા વહીવટી તંત્ર તૈયાર છે. જેમાં પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે રાજ્યકક્ષાના ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત ગોધરા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર આશિષ કુમારના અધ્યક્ષસ્થાને ગોધરાના પત્રકારો સાથે પત્રકાર પરિષદ યોજાઈ હતી. મુખ્યમંત્રીના કાર્યક્રમની રૂપરેખા આપતા જિલ્લા કલેક્ટરે જણાવ્યું કે, સવારે ૧૦.૦૬ કલાકે મુખ્યમંત્રીના હસ્તે ગોધરા ખાતે પોલીસ મહાનિરીક્ષકની કચેરીનું લોકાર્પણ કરાશે. ત્યારબાદ સવારે ૧૦.૩૦ કલાકે ઈ-લોકાર્પણ, ઈ-ખાતમુહૂર્ત અને શસ્ત્ર પ્રદર્શન કાર્યક્રમ છબનપુર રામદરબાર મંદિર પાસે યોજાશે. ત્યારબાદ મુખ્યમંત્રી પંચામૃત ડેરી ખાતે દૂધ બનાવટના પ્રોસેસિંગ પ્લાન્ટનું ખાતમુહૂર્ત તેમજ વિઝીટર ગેલેરીની મુલાકાત અને ગૌ-શોર્ટ સેક્ટ શોર્ટેડ સીમેન ટેકનોલોજીના મશીનનું વર્ચુઅલ ઉદ્ઘાટન કરશે.

# ગાંધીનગર LCBએ અડાલજ વિસ્તારમાંથી નકલી ગુટખા અને ઘી બનાવતી ફેક્ટરી ઝડપી પાડી

ગાંધીનગર,તા.૨૯



ગાંધીનગર એલસીબીએ અડાલજ વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી છે. પોલીસે ઝુંડાલ નર્મદા કેનાલની બાજુમાં આવેલ એક ગોડાઉનમાં દરોડો પાડ્યો હતો, જ્યાં નકલી ગુટખા અને ઘી બનાવવાની ફેક્ટરી ચાલી રહી હતી. આ દરોડામાં પકડાયેલા નકલી ઉત્પાદનોમાં વિમલ, મહક સિલ્વર, તાનસેન ગુટખા-પાન મસાલા, બુધાલાલ તમાકુ અને અમુલ ઘી સામેલ હતા. પોલીસ દ્વારા દરોડામાં ૭ ઈલેક્ટ્રિક મશીનો, ૬ વજન કાંટા અને ઘી પેકિંગ માટે એક મશીન જપ્ત કરવામાં આવ્યું હતું. વધુમાં, ૩૪૯ પાઉચમાં લખેલ 'અમુલ' બ્રાન્ડના ઘી, ૪,૩૬૨ પાન મસાલા અને ગુટખા ભરેલા પાઉચ, ૩ મોબાઈલ ફોન, હાઈડ્રોલિક ટ્રોલી, સીલાઈ મશીનના રીલ અને અન્ય અનેક માલમત્તા કબ્જે કરવામાં આવી છે. આ દરોડામાં કુલ રૂ. ૮,૩૧,૮૮૬ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. પોલીસે ૪ શખ્સોને પકડીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓના નેટવર્ક વિશે પૂછપરછ શરૂ કરી છે. આ શખ્સો પાન મસાલા, ગુટખા અને ઘી જેવા ઉત્પાદનોની ગેરકાયદેસર બનાવટમાં સંડોવાયેલા હતા. પોલીસે ચેતવણી આપી છે કે આવો ગેરકાયદેસર વ્યવહાર કરવાનો પ્રયાસ કરનારા તત્વો સામે કડક પગલાં લેવામાં આવશે.

# ભાવનગરમાં વ્હેલ માછલીની કરોડોની ઉલટી સાથે એક શખ્સની કરાઈ ધરપકડ

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૨૯

સામાન્ય રીતે વ્હેલ માછલીની ઉલટીને કોઈ પણ વ્યક્તિ સહજતાથી લેતો હોય છે. પરંતુ વ્હેલ માછલીની ઉલટીની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની છે. વ્હેલ માછલીની ઉલટીને અંગ્રેજીમાં એમ્બરગ્રીસ કહેવામાં આવે છે. જેનો ઉપયોગ ખાસ ચીજો બનાવવામાં થાય છે. જાણો કેટલા કરોડની એમ્બરગ્રીસ ઝડપાઈ અને તેનો ઉપયોગ ક્યાં થાય છે. ભાવનગર જિલ્લામાંથી અનેક વખત વ્હેલ માછલીની ઉલટીનો પદાર્થ એમ્બરગ્રીસ ઝડપાતો આવ્યો છે. ત્યારે ભાવનગરની એસઓજી પોલીસે મળેલી બાતમીને પગલે કરોડોની કિંમતની એમ્બરગ્રીસ ઝડપી લીધી છે. એક શખ્સ એમ્બરગ્રીસ સાથે ઝડપાયા બાદ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. ભાવનગર શહેર અને જિલ્લામાં પોલીસે બાતમીને પગલે વ્હેલ માછલીની ઉલટીના વેચાણ કરવાના ઈરાદે બહાર નીકળેલા અનેક શખ્સોને ઝડપી લીધેલા છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ચંડોળામાં ડિમોલિશન બાબતે હાઈલેવલની બેઠક યોજાઈ

અમદાવાદ,તા.૨૯



અમદાવાદના ઈતિહાસની સૌથી મોટી ડિમોલિશન કાર્યવાહી ચંડોળા ખાતે થઈ રહી છે. આ મામલે સ્ટે આપવાનો હાઈકોર્ટે ઈન્કાર કર્યો હતો. ત્યારે હવે આ મામલે અમદાવાદ સી.પી. ઓફિસ ખાતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં હાઈલેવલ બેઠક યોજાઈ હતી. જેમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્ય પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૨૫ મિનિટની બેઠકમાં ભૂપેન્દ્ર પટેલે ડિમોલિશનની સમગ્ર વિગત મેળવી હતી. ૧૮ લોકોએ ડિમોલિશન પર સ્ટે મૂકવા માટે અરજી કરી હતી. આ અંગે હાઈકોર્ટે ૧૧.૧૫ વાગ્યાથી લઈ ૧૨.૪૫ વાગ્યા સુધી એમ દોઢ કલાક સુનાવણી કરી હતી. હાઈકોર્ટમાં અરજદારોએ રજૂઆત કરી કે, નીતિ-નિયમો વિરુદ્ધ ડિમોલિશન થઈ રહ્યું છે. અહીં રહેતા લોકો બાંગ્લાદેશી હોવાનું પુરવાર થયું નથી. પોલીસ અને વહીવટી તંત્ર મનમાની કરી શકે નહીં. અહીં રહેતા લોકો ગેરકાયદે વિદેશી છે કે નહીં તે ફોરેન ટ્રિબ્યુનલ નક્કી કરે. ઘર તોડતા અગાઉ કોઈ નોટિસ અપાઈ નથી. પુનર્વસનની પણ કોઈ વાત નથી. આ અરજીને નકારી કાઢી હાઈકોર્ટે ડિમોલિશનને લીલી ઝંડી આપી દીધી છે.

# સુરતમાં મીની બંગાળ તરીકે ઓળખાતા વિસ્તારમાં પોલીસનું સર્ચ ઓપરેશન

સુરત,તા.૨૯



અમદાવાદમાં ચંડોળા તળાવની માફક જ સુરતના નાગોરી વાડમાં મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓ રહેતા હોવાની આશંકાના પગલે પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. સુરતમાંથી અત્યાર સુધીમાં ૧૬૮ જેટલા શંકાસ્પદ બાંગ્લાદેશીઓ મળી આવતા તેઓનું જોઈન્ટ ઈન્ટ્રોગેશન કરવામાં આવી રહ્યું છે. શંકાસ્પદ બાંગ્લાદેશીઓની પૂછપરછમાં એરફોર, નેવી અને BSF ઈન્ટેલિજન્સના અધિકારીઓ પણ જોડાયા છે. મીની બાંગ્લાદેશ તરીકે ઓળખાતા સુરતના નાગોરીવાડ વિસ્તારમાં મોટાભાગની દુકાનોના બોર્ડ બંગાળી ભાષામાં જોવા મળ્યા હતા. જો કે, આ વિસ્તારમાં મોટી સંખ્યામાં પશ્ચિમ બંગાળના કારીગરો પણ રહેતા હોવાનું જાણવા મળ્યું છે.

# પ્રેમ પ્રકરણનો કરૂણ અંજામ આવ્યો રાજકોટમાં યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

રાજકોટ,તા.૨૯



રાજકોટ શહેરમાં વધુ એક વખત પ્રેમપ્રકરણનો કરુણ અંજામ આવ્યો છે. ગત રાત્રિના બાપુનગર વિસ્તારમાં આવેલ સ્લમ ક્વાર્ટરમાં ત્રણ શખ્સે મુસ્લિમ યુવાન સાથે ઝઘડો કરી ત્યારબાદ તેને ગળેટૂંપો આપી છરી વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી નાખ્યો હતો. સમગ્ર બનાવની જાણ થતાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને અલગ-અલગ ટીમો બનાવી તાત્કાલિક આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા, જેમાં પોલીસે ગણતરીની કલાકોમાં બે આરોપીને ઝડપી અન્ય એક ફરારને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ગંભીર રીતે ઘવાયેલા જીશાનને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર કારગત નિવડે તે પહેલા જ મોત નિપજ્યું હતું. સમગ્ર ઘટનાની જાણ થતા જીશાનના પરિવારજનો બહોળી સંખ્યામાં હોસ્પિટલે એકત્ર થઈ ગયા હતા.

# અમદાવાદની ઓર્ચિડ સોસાયટીનાં ફ્લેટમાં આગ લાગતા ૫ લોકોને હોસ્પિટલ ખસેડાયા

**એક યુવતિએ જીવ બચાવવા પાંચમાં માળેથી કૂદકો માર્યો ૨૭ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું**

અમદાવાદ, તા.૨૯



અમદાવાદના ઈન્દિરા બ્રિજ નજીક આવેલી આત્રેય ઓર્ચિડ સોસાયટીની સી અને ડી વીંગના ફ્લેટમાં આગ લાગતા દોડધામ મચી હતી. એક ફ્લેટના એસીમાં આગ લાગ્યા બાદ આગે ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આસપાસના અન્ય ફ્લેટ સુધી પ્રસરી હતી. અત્યાર સુધીમાં તમામ ફ્લેટમાંથી ૨૭ લોકોનું રેસ્ક્યુ કરાયું છે. જ્યારે ૫ લોકોને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જીવ બચાવવા માટે એક યુવતી પમાં માળેથી કૂદતા લોકોએ ઝીલી લીધી હતી. કેટલાક લોકો ફસાયા હોવાની સ્થાનિક લોકોએ માહિતી આપતા ફાયર બ્રિગેડના જવાનોએ અલગ અલગ ફ્લેટમાં તપાસ હાથ ધરી હતી. અમદાવાદના ઈન્દિરા બ્રિજ નજીક આવેલા અત્રેય ઓર્ચિડ ફ્લેટમાં મંગળવારે સાંજના સમયે ચોથા માળ પર આવેલા ફ્લેટ પર આગ ફાટી નીકળી હતી. એસીના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. આગ ગણતરીની મિનિટોમાં જ વિકરાળ બનતાં પાંચમા માળ સુધી પહોંચી હતી. બે ફ્લોર પરના અંદાજે આઠેક જેટલા ફ્લેટ સુધી આગ પ્રસરતા લોકોએ બૂમાબૂમ કરી મૂકી હતી.

# ભુજમાં પાલારા જેલ પાસે ટ્રેલર-બાઈક વચ્ચે અકસ્માતમાં પતિ-પત્ની અને પુત્રનું મોત

ભુજ,તા.૨૯



ભુજના પાલારા જેલ પાસે નેશનલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પુલ પાટિયા ગામના સુમરાવાસમાં રહેતા ૨૫ વર્ષીય ઈમરાન જુણસ સુમરા તેમની ૨૨ વર્ષીય પત્ની ઝરીના ઈમરાન સુમરા અને ૪ વર્ષીય પુત્ર ઈમ્તિયાઝ ઈમરાન સુમરાનું કરૂણ મોત નિપજ્યું હતું. બનાવ સાંજે સાડા છ વાગ્યાના અરસામાં બન્યો હતો. જેમાં હતભાગી પરિવાર બાઈક લઈ ભુજથી પોતાના ઘરે જઈ રહ્યો હતો એ દરમિયાન પાલારા જેલ નજીક સામેથી રોંગ સાઈડમાં આવેલા ટ્રેઈલર ચાલકે બાઈકને અડફેટે લીધું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે, ઘટના સ્થળે જ પિતા અને માસુમ પુત્રએ દમ તોડી દીધો હતો. જ્યારે માતાને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા પરંતુ ગંભીર ઈજાઓને કારણે તેમનું પણ મોત નિપજ્યું હતું. અકસ્માતને પગલે રોડ પરથી પસાર થતા વાહનોના ટાયર થંભી ગયા હતા અને સ્થળ પર મૃતકના પરિવાર સહિતના લોકો એકઠા થઈ ગયા હતા. પળવારમાં માતા-પિતા સહિત પુત્રના મોતની ઘટનાથી પરિવાર અને સગા સંબંધીઓમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.








